Reg.under RNI NO. GUJGUJ/2009/29656, Registered under Postal Registration No. GAMC-777/2021-2023 valid upto 31st December-2023 issued by the SSPO's Amdavad City Division, Permitted to Post at Amdavad PSO on 1st & 16th of every Month. Publish on 1st & 16th of every Month.

૧૬ મે ૨૦૨૧
અંક : ૧૦
પૃષ્ઠ : ૧૬
કિ. રૂ. : ૬/-


ગુજરાતનું પાક્ષિક વિચારપત્ર

# નિરીક્ષક

સ્થાપના : ૧૯૬૮

## અનુક્રમ


- **અરુન્ધતી રૉય** ૨
  આપણને એક સરકાર જોઈએ છે
- **ધ લાન્સેટ** ૩
  ભારતની કોવિડ-૧૯ કટોકટી
- **મુસ્તન્સિર દલવી** (ઉદયન ઠક્કર) ૪
  ચાલવું
- **પ્રકાશ ન. શાહ** ૫
  ભાજપી તરાહ બનામ બાંગલા રાહ
- **ભરત મહેતા** ૬
  મોદી બ્રાંડ રાજનીતિનો પરાભવ
- **મેહુલ દેવકલા** ૭
  ભાલો ખેલા હોલો
- **બીરેન કોઠારી** ૮
  ડી.એલ. શેઠ, બહાદરપુર યુનિવર્સિટીના વિદ્યાવાચસ્પતિ
- **ઉમેશ સોલંકી** ૧૦
  સ્વપ્નભ્રમ, સ્વપ્નભંગ
- **તંત્રી, ડંકેશ ઓઝા** ૧૧
  અજય પાઠક
- **અહમદ 'ગુલ'** ૧૨
  અભિવ્યક્તિની આ રૂંધામણ : ટોળાં દ્વારા
- **લાભુભાઈ ગ. પટેલ** ૧૨
  ખેડૂત આંદોલન વિશે
- **અજય પાઠક** ૧૪
  વડોદરા, ચોથા શનિવારની સાંજે
- **યોસેફ મેકવાન** ૧૫
  તમેય જુઓ છો ને…!
- **ભરત મહેતા** ૧૫
  ભાઈ બુન
- **તંત્રી** ૧૬
  સદ્‌ગત ધીરુ પરીખ અને પારુલ ખખ્ખર

**સદ્‌ગત ધીરુ પરીખ**
**પૃષ્ઠ ૧૬**

## ન લખાયેલા નાટકનું અંતિમ દૃશ્ય

હિમાંશી શેલત

*(હવામાં બુલંદ અવાજો, એકમેકને વળોટતા, આભ બેદતા, જનસમૂહને મૂર્છિત કરતા.)*

: આપણે જીત મેળવી છે. શેના પર, એ પૂછવાનો આ સમય નથી, કારણ કે જીત એ જીત છે. એ એક એવી સકારાત્મક અને ઊર્જાસભર લાગણી છે જેની અસર બધે જ અનુભવી શકાય છે, એ અનુભવો. સવાલો પૂછવાથી ઊર્જા નાશ પામે છે.

*(એક અતિશય નિર્બળ અવાજ):* પણ હે જગવિધાતા, અમને શ્વાસ લેવામાં તકલીફ છે, અમને કહેવામાં આવ્યું છે, કે તમે પોતે તમારો પ્રાણવાયુ લઈ આવો. એ માટે અમારે વૃક્ષો પાસે જવાનું હતું પરંતુ એ વૃક્ષો ફોર લેઈન માટે કપાઈ ગયાં છે, અને થોડાં બુલેટ ટ્રેનના આવાગમન અર્થે. હવે ક્યાં જઈએ? માર્ગદર્શન, પ્રભુ!

*(ગેબી આકાશવાણી) :* વૃક્ષો વાવો. તમને વારંવાર કહ્યું છે, કે વૃક્ષો વાવો. જુઓ, જેમ અત્યારે અમે તમારે માટે ઑક્સિજન પ્લાન્ટ ખડા કરવામાં રોકાયા છીએ કે નહીં? કશું ક્યારેય મોડું હતું નથી. આ ઑક્સિજન પ્લાન્ટ ચાલુ થશે ત્યાં સુધીમાં કદાચ આ મહામારીનું પાંચમું મોજું આવી શકે તો એમને માટે આ પ્લાન્ટ ઉપયોગી થશે. જેમ કેરીનો ગોટલો વાવો છો ત્યારે…

*(બીજો મૃતઃપ્રાય કંઠ) :* અમને જાણ છે એ બાબતની આપણે જે કેરી ખાઈએ છીએ તે આપણા વડવાઓએ વાવેલા ગોટલાની છે, પણ અત્યારે આટલું લોક સ્મશાનઘાટ પહોંચે છે તે વિશે…

*(બુલંદ પડઘા)* જીવન અને મૃત્યુ આપણા હાથની વાત નથી. ક્યારેય નહોતી, એ શું નથી જાણતાં સહુ? જે બચવાનાં નથી એ લાખ ઉપાયે પણ નહીં બચે.

*(ત્રીજો ડૂબતો અવાજ) :* પણ અમે તો આપને ઉધ્ધારક લેખે જ નીરખ્યા છે, અમારી જવાબદારીઓ હજી માથે છે, અત્યારે મરવાનું અમને પોસાય એમ નથી, મારા પરિવારનો હું એકમાત્ર કમાતો સભ્ય છું, મહાનાયક!

*(ગગનમંડળમાંથી પડઘા) :* નચિંત બનો સહુ ! પાંચ કિલો અનાજ તમામ જરૂરતમંદોને મળવાનું છે, બે મહિના લગી. તમારાં સગાંવ્હાલાં ભૂખે નહીં મરે. જાન ન હોય તો કંઈ નહીં, જહાન તો છે ને ! અને એ તો તમારી પાછળ રહેવાનું જ છે. જરા પાછળ જુઓ, ચાલી આવે છે એક લાંબી કતાર અડગ નિર્ધાર સાથે, કર્મશીલ અને ગતિશીલ એમની પાસે લોખંડની ખાટ જેવુંયે છે કશુંક. ચાલો, પૂછીએ એમને કે એ કયા સત્કાર્ય અર્થે નીકળ્યાં છે!

*(મહાનાદની આસપાસ ઝીણા ઝીણા અવાજો) :* ના, ના, સર! એમને કંઈ પૂછતા નહીં. અત્યારે મૌન જ યોગ્ય છે, સર ! તમે કશું બોલતા નહીં, પ્લીઝ…

*(મહાનાદ) :* અમે શું ડરપોક છીએ? સામી છાતીએ ઘા ઝીલનારા અમે ચૂપ રહીએ? આ દેશબાંધવોને જરૂર પૂછીશું કે કયા મહાકાર્ય અર્થે તેઓ આ સરંજામ સાથે નીકળ્યાં છે ! એમનું સાહસ સરાહનીય છે.

*(કતારમાંનો પહેલો જીવ) :* હે વંદનીય ! આ ખાટ તો ભઠ્ઠી છે સ્મશાન માટેની. ત્યાં મસાણમાં ટોકન લઈને બેસવું પડે છે એમ સમાચાર છે. તો આ શું કે પોતાનો સામાન પોતે જ લઈને નીકળે તો પીડા નહીં. અંતિમક્રિયાનું એ ટુ ઝેડ બધું આ ઝોળામાં છે. ત્યાં ગયા કે ફટ ગોઠવી ભઠ્ઠી, પાછળ મારો છોકરો લાકડાં લઈને એ ચાલ્યો આવે… હવે નો પ્રોબ્લેમ, નો ટોકન, નો લાઈન. જ્યાં જ્યાં દેખાય ત્યાં ફટ ભઠ્ઠી ગોઠવીને ઝટ કાંડી ચાંપી એટલે પત્યું. અમારે તો, કૃપાળુ, આપનું કહ્યું માથે, શું જીવતાં કે શું મૂએલાં, આધાર જાતનો, ખુદનો, પેલો કયો બોલ આપેલો આપે? જેમાં આતમ-બાતમ આવતું'તું તે? આતમનો ભાર?

# આપણને એક સરકાર જોઈએ છે / અરુન્ધતી રોય

આપણને એક સરકાર જોઈએ છે, તાત્કાલિક અને આપણી પાસે સરકાર છે નહિ. આપણો ઑક્સિજન ઓછો થઈ રહ્યો છે, આપણે મરી રહ્યાં છીએ. વિદેશથી મદદ તો મળી પણ એનો કંઈ સદુપયોગ કરવા માટે આપણી પાસે વ્યવસ્થાતંત્ર નથી.

શું થઈ શકે છે અત્યારે અને અહીંયાં?

આપણે કાંઈ ૨૦૨૪ સુધી રાહ ના જોઈ શકીએ. મારા જેવા લોકોએ કદી એવી કલ્પના નહોતી કરી કે એક દિવસ એવો આવશે. જ્યારે અમારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સમક્ષ કોઈ પણ બાબતે અપીલ કરવી પડશે. અંગત રીતે કહું તો હું તો એમ કરવાના બદલે જેલ જવાનું પસંદ કરું. પરંતુ આજે જ્યારે આપણે છેલ્લા શ્વાસ લઈ રહ્યાં છીએ ઘરમાં, રસ્તા પર, હૉસ્પિટલના પાર્કિંગમાં, મોટાં શહેરોમાં, નાનાં શહેરોમાં, ગામડાંમાં, જંગલમાં અને ખેતરમાં — ત્યારે, હું, એક સામાન્ય નાગરિક, મારા સ્વમાનને ગળી જઈને લાખો નાગરિકોની સાથે જોડાઈને કહું છું કે, પ્લીઝ, સર, પ્લીઝ, હવે ખસી જાવ, કમસેકમ હાલ પૂરતા. મારી તમને આજીજી છે, રાજીનામું આપો.

આજની કટોકટી તમારી સર્જેલી છે. તમે એનો ઉપાય શોધી શકો નહિ. તમારા હાથે તો પરિસ્થિતિ વધારે વણસશે. આ વાઈરસ ભય, ઘૃણા અને અજ્ઞાનના વાતાવરણમાં પોષાઈ રહ્યો છે. તમે જ્યારે ભિન્ન મતની અભિવ્યક્તિને અટકાવો છો ત્યારે તેને પોષણ મળે છે. તમે જ્યારે સમાચાર-માધ્યમોને એ હદે દબાવો કે અહીંના સાચા સમાચાર માત્ર આંતરરાષ્ટ્રીય અખબારોમાં જ જોવા મળે, ત્યારે એ વાઈરસને પોષણ મળે છે. જ્યારે વડાપ્રધાન એવા હોય જેમણે સત્તામાં આટલાં વર્ષોમાં પણ એકેય વાર ખુલ્લી પત્રકાર-પરિષદ ના યોજી હોય, જે — આજની ભયાવહ ઘડીમાં પણ — સવાલોનો સામનો કરવા અસમર્થ હોય, ત્યારે એ વાઈરસને પોષણ મળે છે.

તમે જો રાજીનામું નહિ આપો તો લાખો લોકો જાન ગુમાવશે. માટે, બસ, હવે જાવ, ઝોળો ઉઠાવીને, તમારું ગૌરવ જાળવીને. તમારું જીવન સુંદર રીતે વ્યતીત થઈ શકે છે, એકાંત અને ધ્યાનમાં. તમે પોતે કહ્યું છે કે તમારે એ જ જોઈએ છે. તમારું એ સપનું અધૂરું રહી જશે, જો તમે આ મોતનો દોર ચાલુ રહેવા દેશો તો.

તમારા પક્ષમાં ઘણા નેતા છે જે તમારું સ્થાન લઈ શકે છે. તેમાં એવા પણ છે, જેમને ખબર છે કે આજની કટોકટીની ઘડીમાં રાજકીય હરીફોની સાથે હાથ મિલાવીને જ કામ કરવું રહ્યું. એ વ્યક્તિ જે કોઈ પણ હોય — તમારા પક્ષમાંથી, સંઘની અનુમતિ સાથે — તે સરકારનું નેતૃત્વ સંભાળી શકે છે અને એક ક્રાઈસિસ-મૅનેજમેન્ટ કમિટીની રચના કરી શકે છે.

એવી સમિતિમાં રાજ્યોના મુખ્ય પ્રધાનો પણ થોડા પ્રતિનિધિ ચૂંટી શકે છે, જેથી તેમાં તમામ પક્ષોને પ્રતિનિધિત્વ મળે. રાષ્ટ્રીય પક્ષ હોવાથી કૉંગ્રેસ પણ એ સમિતિમાં હોય. વૈજ્ઞાનિકો, જાહેર આરોગ્યના નિષ્ણાતો, તબીબો અને અનુભવી વહીવટદારો પણ એ સમિતિમાં હોય. તમને કદાચ આ નહિ સમજાય, પણ આને લોકશાહી કહેવાય છે. આ વાઈરસને આપખુદશાહી બહુ ગમે છે.

જો તમે અત્યારે પદ નહિ છોડો, તો જ્યારે અત્યારની પરિસ્થિતિ ભારતની એકલા નહિ, પણ આંતરરાષ્ટ્રીય સમસ્યાનું રૂપ લઈ રહી છે, દુનિયા પર ઘાત તરીકે જોવાય છે, ત્યારે તમારી અણઆવડત અન્ય દેશોને આપણી આંતરિક બાબતોમાં દખલ કરવાનું કારણ આપી રહી છે.આપણે ભારે જહેમતથી આપણા સાર્વભૌમત્વને સાચવ્યું છે, એ મુશ્કેલીમાં મુકાઈ શકે છે. આ ગંભીર શક્યતા છે. તેની અવગણના કરશો નહિ.

માટે મહેરબાની કરીને બસ જાવ. તમે સૌથી વધુ જવાબદારીનું કોઈ કામ કરી શકતા હો તો તે આ જ છે. તમે અમારા વડાપ્રધાન બની રહેવાનો નૈતિક અધિકાર ખોઈ ચૂક્યા છો.

('સ્ક્રૉલ'માં પ્રસિદ્ધ અંગ્રેજી લેખ પરથી, હિન્દી અનુવાદ 'વાયર' પર પણ ઉપલબ્ધ છે.)


* 'નિરીક્ષક' દર માસની ૧ અને ૧૬ તારીખે પ્રકાશિત થાય છે.
* લવાજમ : (દેશમાં) વાર્ષિક રૂ.૨૦૦/-
(વિદેશમાં) વાર્ષિક રૂ.૨૫૦૦/-
* વાર્ષિક લવાજમની રકમ 'નિરીક્ષક પ્રકાશન'ના નામે ડ્રાફ્ટથી અથવા ચેક કે મ.ઓ.થી શાર્દૂલ પ્રિન્ટિંગ પ્રેસ, અમદાવાદના સરનામે મોકલવામાં આવે તે અપેક્ષિત છે. આજીવન સભ્યપદની રકમ 'નિરીક્ષક ફાઉન્ડેશન'ના નામે અમદાવાદની બૅન્ક ઉપરના ડિમાન્ડ ડ્રાફ્ટ કે ચેકથી મોકલવા.



* સંપાદકીય પત્રવ્યવહાર : 'પ્રકાશ', નવરંગપુરા પોસ્ટ ઑફિસ પાછળ, અમદાવાદ ૩૮૦૦૦૯. (ફોન : ૨૬૫૬૨૮૦૬)
* બ્લૉગ : nirikshakgujaratipakshik.wordpress.com
તંત્રી : પ્રકાશ ન. શાહ - E-mail : editor.nireekshak@gmail.com
સહયોગી તંત્રી (દેશાવર): વિપુલ કલ્યાણી
E-mail : vipoolkalyani.opinion@btinternet.com
સંપાદક : કેતન રુપેરા - E-mail : ketan.nireekshak@gmail.com



**લવાજમ ભરવા માટે સરનામાં**

| | |
|---|---|
| અમદાવાદ | ● **વિજય મેગેઝિન વર્લ્ડ** : ૬૨, કલ્યાણ ભવન, બીજા માળે, રૂપમ સિનેમા પાસે, રિલીફ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧ |
| | ● **અદીત એજન્સી (એસ.બી. શાહ)** : ૭૨/૮૬૨, અંબિકા એપાર્ટમેન્ટ, અંકુર રોડ, નારણપુરા, અમદાવાદ-૧૩ |
| | ● **સૌરભ પુસ્તક ભંડાર** : બી/૨૦, સ્થાપત્ય એપાર્ટમેન્ટ, સ્ટર્લિંગ હોસ્પિટલ પાસે, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨ |
| | ● **નવકાર મેગેઝિન એજન્સી** : એ, ૭૦૨, ચિન્મય ટાવર, વિશ્રામનગર, સુભાષચોક, મેમનગર, અમદાવાદ-૫૨ |
| | ● **ઈમેજ પબ્લિકેશન પ્રા.લિ.** : ૧-૨, પહેલા માળે, સેન્ચુરી બજાર, આંબાવાડી સર્કલ, અમદાવાદ-૩૮૦૦૦૬ |
| આણંદ | ● **મેગેઝિન વર્લ્ડ** : ગોપાલ ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, આણંદ-૩૮૮૦૦૧ |
| પાટણ | ● **એજ્યુકેશનલ એમ્પોરિયમ** : ૩૬, ઉમિયાનગર, પાટણ-૩૮૪૨૬૫ |
| ભાવનગર | ● **શિવમ એન્ટરપ્રાઇઝ** : બુક સેલર્સ એન્ડ સ્ટેશનર્સ, વનિતા વિશ્રામ સામે, ડોન રોડ, ભાવનગર-૦૧ |
| મહેસાણા | ● **નવનીત મેગેઝિન એજન્સી** : એસ-૬, શ્રદ્ધા કોમ્પ્લેક્સ, બીજા માળે, નગરપાલિકા સામે, મહેસાણા-૦૧ |
| | ● **પીયૂષ મેગેઝિન એજન્સી** : એસ/૨૧, એ, મુલ્કીભવન, વર્ધમાન વિદ્યાલય પાસે, બસ સ્ટેન્ડ પાસે, મહેસાણા-૦૧ |
| મુંબઈ | ● **ઈમેજ પબ્લિકેશન પ્રા.લિ.** : ૧૯૯/૧, ગોપાલભુવન, કલબાદેવી, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૨ |
| સુરત | ● **કીમ એજ્યુકેશન સોસાયટી સ્ટુડન્ટ કન્ઝ્યુમર સ્ટોર્સ** : કીમ, જિ. સુરત-૩૯૪૧૧૦ |



**જા.ખ.ના દર**

**આવરણ-૪**
રૂ. ૪૦૦૦/-
**આવરણ-૩**
રૂ. ૩૦૦૦/-
**અંદરનું આખું પાનું**
રૂ. ૨૦૦૦/-
**અંદરનું અડધું પાનું**
રૂ. ૧૦૦૦/-
**સેન્ટર સ્પ્રેડ**
રૂ. ૪૦૦૦/-
**પુસ્તકોની જા.ખ.**
**અડધા દરે**

# ભારતની કોવિડ-૧૯ કટોકટી / ધ લાન્સેટ

ભારતનાં પીડાનાં દૃશ્યોનો તાગ મેળવવાનું કઠણ છે. રોજના લગભગ ૩.૭૪ લાખ કેસની સરેરાશથી, મે ૪ સુધીમાં કોવિડ-૧૯ના ૨.૦૨ કરોડ કેસ નોંધાયા છે. મૃત્યુઆંક છે ૨.૨૨ લાખ (બે લાખ બાવીસ હજાર), જે નિષ્ણાતોના મતે વાસ્તવિક આંકડા કરતાં ઘણો ઓછો હોઈ શકે છે. હૉસ્પિટલો ઉભરાયેલી છે, આરોગ્યકર્મીઓ નીચોવાઈ ગયા છે અને ચેપગ્રસ્ત બની રહ્યા છે. મેડિકલ ઑક્સિજન, બેડ અને બીજી જરૂરિયાતો માટે ડૉક્ટરોની તેમ જ સામાન્ય લોકોની અપીલોથી સોશિયલ મીડિયા ભરચક છે. છતાં, માર્ચ (૨૦૨૧)ના આરંભે કોવિડ-૧૯નું બીજું મોજું આવ્યું, તે પહેલાં ભારતના આરોગ્યમંત્રી હર્ષવર્ધને જાહેર કર્યું હતું કે ભારતમાં મહામારીનો ખેલ ખતમ થવામાં છે. વાઇરસનાં સ્વરૂપાંતરોની અને બીજા મોજાના ખતરાની વારંવાર અપાયેલી ચેતવણીઓ છતાં, ભારત સરકાર તરફથી એવી જ છાપ ઊભી કરવામાં આવી કે મહિનાઓથી સતત ઘટતા કેસોના પગલે ભારતે કોવિડ-૧૯ને હરાવી દીધો છે. આંકડાકીય મૉડેલો દ્વારા ખોટી રીતે એવું સૂચવાયું કે ભારત હર્ડઇમ્યુનિટીના તબક્કે પહોંચી ગયું છે. તેના કારણે ગાફેલિયતને પ્રોત્સાહન મળ્યું અને તૈયારીનું કામ ઢીલું પડ્યું. પરંતુ જાન્યુઆરીમાં ઇન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચના સીરોસર્વેમાં જણાયું હતું કે વસ્તીના માત્ર ૨૧ ટકા લોકોમાં SARS-CoV-2નાં પ્રતિરોધક દ્રવ્યો હતાં. તે વખતે વડાપ્રધાન મોદીની સરકાર મહામારી પર કાબૂ મેળવવાને બદલે ટ્વિટર પરથી ટીકાઓ દૂર કરવા માટે વધારે ઉત્સુક જણાતી હતી.

મોટા પાયે ચેપ ફેલાવનારાં સુપરસ્પ્રેડર આયોજનો અંગે ચેતવણીઓ છતાં, સરકારે બેરોકટોક ધાર્મિક ઉત્સવો થવા દીધા, જેમાં દેશભરમાંથી લાખો લોકોએ ભાગ લીધો. વિશાળ રાજકીય રેલીઓ યોજાવા દીધી, જેમાં કોવિડ-૧૯નો ફેલાવો અટકાવવા માટેની કશી વ્યવસ્થા ન હતી અને તે ઊડીને આંખે વળગે એવું હતું. કોવિડ-૧૯નો છેડો આવી ગયો છે, એવા સંદેશને કારણે ભારતમાં કોવિડ-૧૯ની રસીકરણ ઝુંબેશની શરૂઆત ધીમી થઈ. બે ટકાથી પણ ઓછી વસ્તીને રસી મળી છે. કેન્દ્રના સ્તરે ભારતનો રસીકરણ-કાર્યક્રમ વેરવિખેર થઈ ગયો. કેન્દ્રસરકારે રાજ્યો સાથે વાતચીત કરવાને બદલે ઓચિંતો પાટો બદલ્યો અને ૧૮ વર્ષથી ઉપરના સૌ કોઈ રસી મેળવી શકશે, એવું જાહેર કરી દીધું. તેના કારણે રસીના જથ્થાની ઘટ પડતાં ભારે ગૂંચવાડો સર્જાયો અને રસીનું એવું બજાર ઊભું થયું, જેમાં રાજ્યો અને હૉસ્પિટલો રસી માટે સ્પર્ધામાં ઊતર્યાં.

કટોકટી બધે એકસરખી નથી. ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્ર જેવાં રાજ્યો કેસમાં ઓચિંતા ઉછાળા માટે તૈયાર ન હતાં. ત્યાં જોતજોતાંમાં મેડિકલ ઑક્સિજન ખાલી થઈ ગયો, બેડ ખૂટી પડ્યા, સ્મશાનોની ક્ષમતાનો છેડો આવી ગયો. કેટલીક રાજ્ય સરકારોએ ઑક્સિજન કે બેડની માગણી કરનારા સામે રાષ્ટ્રીય સુરક્ષાને લગતા કાયદા લાગુ પાડવાની ધમકી આપી. કેરળ અને ઓડિશા જેવાં રાજ્યો પ્રમાણમાં વધુ તૈયારી ધરાવતાં હતાં. એટલે બીજા મોજા વખતે તે બીજાં રાજ્યોમાં મોકલી શકે એટલી માત્રામાં ઑક્સિજનનું ઉત્પાદન કરી શક્યાં.

ભારતે હવે બેપાંખિયો વ્યૂહ અપનાવવાનો રહે છે : પહેલાં તો ખોટકાયેલા રસીકરણ-કાર્યક્રમને વ્યવસ્થિત સ્વરૂપ આપીને યથાયોગ્ય ઝડપે તેને શરૂ કરવો. આ કામમાં તત્કાળ બે અડચણો છે : રસીનો જથ્થો વધારવો (તેમાંથી કેટલોક જથ્થો પરદેશથી આવવો જોઈએ) અને વિતરણની એવી વ્યવસ્થા ગોઠવવી કે જે ફક્ત શહેરી જ નહીં, ગ્રામીણ અને ગરીબ નાગરિકોને પણ આવરી લે. ભારતની વસ્તીમાં તેમનો હિસ્સો ૬૫ ટકાથી વધારે (૮૦ કરોડથી વધારે) છે, પણ તે વર્ગ જાહેરઆરોગ્ય અને પ્રાથમિક સારવારની સુવિધાઓની તીવ્ર અછત વેઠે છે. સરકારે સ્થાનિક અને પ્રાથમિક આરોગ્યકેન્દ્રો સાથે કામ કરવું જોઈએ, જે સ્થાનિક લોકસમુદાયને બરાબર જાણતા હોય અને જે રસીના વિતરણની સમાનતાપૂર્ણ વ્યવસ્થા ગોઠવી શકે.

બીજું, વૅક્સિન આવે ત્યાં સુધી ભારતે SARS-CoV-2નો ફેલાવો શક્ય હોય એટલો અટકાવવો પડશે. કેસ આવતા જાય તેમ સરકારે સમયસર રીતે ચોકસાઈપૂર્વકની માહિતી જાહેર કરવી જોઈએ. શું થઈ રહ્યું છે અને કેન્દ્ર સરકાર તરફથી લૉકડાઉન જાહેર કરવાની સંભાવના સહિત, કોવિડનો ચડતો આલેખ સપાટ કરવા માટે બીજું શું કરવું પડશે, તે લોકોને સ્પષ્ટ શબ્દોમાં જણાવવું જોઈએ. SARS-CoV-2નાં નવાં અને વધુ ચેપી સ્વરૂપાંતરોનું પગેરું દાબવા માટે, તેમની સમજ મેળવવા માટે અને તેમની પર કાબૂ મેળવવા માટે જિનોમ સિક્વન્સિંગનો-વાઇરસના બંધારણના અભ્યાસનો-વિસ્તાર થવો જોઈએ. સ્થાનિક સરકારોએ રોગનો ફેલાવો અટકાવવા માટે પગલાં લેવાનું શરૂ કર્યું છે, પરંતુ માસ્ક, સોશિયલ ડિસ્ટન્સિંગ, સમૂહમિલનો પર બંધી, સ્વૈચ્છિક રીતે ક્વૉરન્ટાઈન રહેવું અને ટેસ્ટ કરાવવા જેવી બાબતો લોકોને સમજાવવામાં કેન્દ્ર સરકારની મહત્ત્વપૂર્ણ ભૂમિકા છે. કટોકટી દરમિયાન ટીકાને અને મુક્ત ચર્ચાને રૂંધવાના મોદીના પ્રયાસો કોઈ રીતે વાજબી ઠરાવી શકાય એવા નથી.

ધ ઇન્સ્ટિટ્યૂટ ઑફ હેલ્થ મૅટ્રિક્સ ઍન્ડ ઇવેલ્યુએશનના અંદાજ પ્રમાણે, ઑગસ્ટ ૧ સુધીમાં ભારતમાં કોવિડ-૧૯ને કારણે થયેલાં મૃત્યુનો આંકડો ૧૦ લાખે પહોંચશે. જો આવું થશે તો પોતાના રાજમાં જાતે વહોરી લીધેલી આ આફત માટે મોદી સરકાર જવાબદાર હશે. શરૂઆતના તબક્કે કોવિડ-૧૯ પર કાબૂ મેળવવામાં હાંસલ થયેલી સફળતા ભારતે વેડફી નાખી. એપ્રિલ (૨૦૨૧) આવ્યો, ત્યાં સુધી તો સરકારના કોવિડ-૧૯ ટાસ્કફોર્સની મહિનાઓથી મિટિંગ પણ મળી ન હતી. તેનાં પરિણામ આપણી સામે ઉઘાડાં છે. કટોકટી કારમી છે ત્યારે ભારતે નવેસરના આયોજન સાથે તેનો મુકાબલો કરવો પડશે. આ પ્રયાસોની સફળતાનો આધાર પોતાની ભૂલોનો સ્વીકાર કરી શકતી સરકાર પર, જવાબદાર અને પારદર્શક નેતૃત્વ પૂરું પાડવા પર તથા જેના કેન્દ્રસ્થાને વિજ્ઞાન હોય એવાં જાહેર આરોગ્યને લગતાં પગલાં લેવા પર રહેશે.

(સુપ્રતિષ્ઠ મેડિકલ જર્નલ **'ધ લાન્સેટ'**ના મે ૮, ૨૦૨૧ના અંકનો તંત્રીલેખ, અનુ. **ઉર્વીશ કોઠારી**)

# ચાલવું / મુસ્તન્સિર દલવી

*(લૉકડાઉન વખતે અસંખ્ય શ્રમિકોએ પોતાને વતન પગપાળા જવું પડ્યું. તે પ્રસંગ પરથી લખાયેલા કાવ્યગુચ્છમાંનાં કેટલાક.)*

**થાલી-પીઠ**

ઘોડબંદરરોડના પ્રકાશતા પહાડો વચ્ચેથી પસાર થતું ટોળું ચોંકી ઊઠે છે ધણધણાટીથી.

સૌની આંખો મંડાય છે સાત્ત્વિક બાલ્કનીઓ ભણી,જ્યાંથી સંભળાય છે વેલણોનું સ્ટીલના વાસણો પર પિટાવું,ચમચાઓનું થાળીઓ પર અફળાવું.

ગામમાં આ જ તો છે પદ્ધતિ, તીડ અને લંગૂરને લચ્યા મોલ પરથી હાંકી કાઢવાની.ચેતવણી સમજાતાંવેંત ટોળું ગતિ વધારે છે.

**પાર્લે-જી**

આ વળી શું?

છોકરી લે છે એક પડીકું. માસ્ક-મેગાફોનવાળી મહિલા તેનાં ભાઈ-બેનને પણ અકેકું આપે છે,પછી માસ્ક પાછળથી સૂચનાઓ ભસે છે.આજીવન ઉઝરડાયેલી સ્ત્રીને જમણેથી ડાબે ધકેલાય છે, જેથી તેની બાંધણી ભરબપોરે ચમક-ચમક થાય. મરદને આજ્ઞા કરાય છે, માથે પૈડાંવાળી બૅગ મૂક, તેની ઉપર છોકરી મૂક. બાળકો ગલોટિયાં ખાય છે ધૂળમાં. માસ્ક સંતોષપૂર્વક જાય છે સલામત અંતરે, ‘રેકર્ડ’ની ચાંપ દાબે છે અને પૂછે છે :

કેવું લાગે છે?

**ઘર કબ આઓગે?**

તમારા છેલ્લા વૉટ્સએપને ચૌદ દિવસ થયા. આપણાં લગ્ન થયાં ત્યારે હું ચૌદની હતી.હવે તમે પહેરેલે કપડે છો. તો શું થયું? કપડાં છેય શું, સિવાય કે ઓતપ્રોત થવામાં વિઘ્ન?

હું ઉંબરે ઊભી છું,મલમ લઈને, તમારા ઉઝરડાયેલાં તળિયાં સારુ. સાબદા રહેજો,ઘર ભણી આવતા રસ્તા પર લોકો લાઠી લઈને ઊભા છે.છાપરાં ઠેકતાં આવજો. વહાલા, જેમ તમે આવતા હતા, હું તેરની હતી ત્યારે.

**મુંબઈની ભીખેસ લાવલા**

(સ્મરણ : અરુણ કોલટકર)

મુંબઈએ મને ભિખારી કર્યો.<br>
મેં સર્વસ્વ વેચી માર્યું,બિસ્લેરીની બોટલ માટે.<br>
નામ વગરના નગરમાં બિનસરકારી સંસ્થાઓએ<br>
મને ભાખરી-ગોળ આપ્યાં.

મેં ટ્રકડ્રાઇવરને આપવીતી સુણાવી,<br>
તો વેદ-પુરાણનો હવાલો આપી એણે ચાલતી પકડી.

રોડ પર મળ્યું બીડીનું ઠૂંઠું, નાખ્યું ખિચ્ચે.<br>
આગ્રારોડ આવતાં ચપ્પલના બે ટુકડા.

વિચારતાં મને લાગ્યું, હવે<br>
કદીયે પાછા નથી આવવું.

**વૉટસએપ, બીજી મે**

હાઈવે છોડ, શહેરમાં જા.<br>
જયમાતાદી ગૅરેજ જોયું?જોયું ન જોયું કર.<br>
(રાતે ૧૦.૧૩)

બજારસોંસરો જા.ખાલી હશે.સૂંઘીને<br>
જયશ્રીરામ ટીહાઉસ શોધી કાઢ.<br>
(રાતે ૧૦.૧૩)

અહીં અબુલ મતીનનું ચાલે છે.સરખી વાત કરશે<br>
તો આપશે નાનખટાઈ,<br>
એકબે,આદુવાળી ચામાં બોળવા માટે.<br>
(રાતે ૧૦.૧૩)

મન ફાવે તેટલું રહેજે.<br>
મધરાત પહેલાં નીકળી જવું સારું. અને હા,<br>
સાઈરન સંભળાય તો સંતાઈ જજે.<br>
પોલીસવાળો દેખાય તો ભાગજે.<br>
(સવારે ૧૨.૦૧)

અંગ્રેજી પરથી અનુ. **ઉદયન ઠક્કર**

# ભાજપી તરાહ બનામ બાંગલા રાહ / પ્રકાશ ન. શાહ

મમતા બેનરજીની ઝળહળતી ફતેહનો સીધો સંદર્ભ અલબત્ત કોલકાતાની રાજવટ છે, પણ એનાં મનોવૈજ્ઞાનિક આંદોલનો બેલાશક દેશવ્યાપી છે. ભાજપના અશ્વમેધ અભિલાષને દિલ્હીમાં આપ અને અરવિંદ કેજરીવાલે ક્યારેક ભોંઠામણનો જે અનુભવ કરાવ્યો હશે, પશ્ચિમ બંગાળમાં એવી જ આકરી ભોંઠામણ એને મમતા બેનરજીએ કરાવી છે : વ્હિલચૅરમાં અહીંતહીં સઘળે ફરી વળતાં મમતા અને બસો જેટલાં ચાર્ટર વિમાન ને હેલિકૉપ્ટરો વાટે ગરુડે ચડી ગિરધારી પેઠે દિલ્હીથી ઊતરી આવતી નમો-અમિત મંડળી : આ બે સામસામાં ચિત્રો વચ્ચે મતદારને મમતા સ્વાભાવિક જ પોતાનાં પૈકી ને પોતાનાં લાગ્યાં.

જેવો છે તેવો, બંગાળનો પોતીકી તરેહનો એક પ્રબુદ્ધ મત છે. જેવી છે તેવી, બંગાળની એક પોતાની પરંપરા છે. દિલ્હીથી કિલર ઇન્સ્ટિંક્ટ સાથે બે સેનાનીઓ ને લાવલશ્કર જે રીતે ઊતરી પડ્યાં એમની આખી શૈલી, એમણે જાહેર પ્રચાર અને વિમર્શમાં વાપરેલી ભાષા, બધું જ બાંગલા ઓળખ અને અસ્મિતા સાથે ટકરામણ સરજતું હતું અને આમ માનસમાં આક્રોશ નહીં, ત્યારે પણ અકળામણ તો જગવતું જ હતું. ઓ…મા, ઓ-બા-માની તરજ ને તરાહ પરનો 'દીદી ઓ દીદી' એ જીભદાવ એક સન્માન્ય મહિલા સાથે બંગમતને નકરી છેડખાની જેવો સંભળાયો અને એણે જગવેલ પ્રત્યાઘાત ભાજપને ઠીકઠીક ભરખીને રહ્યો.

વ્હિલચૅર વિ. વિમાન કે દીદી ઓ દીદી સરીખો જીભદાવ, એ તો જોકે તરત કૌતુક જગવતા ને લાગલું ધ્યાન ખેંચતા દાખલા થયા. પણ એમને ઓછાં આંકીને નહીં, એમનાથી કંઈક હટીને જરી વ્યાપક ફલક પર જોવા કરીએ તો સમજાતી વાત એ છે કે ભાજપે રાષ્ટ્રવાદની જે ખાસ બ્રાન્ડ વિકસાવી છે, તે બંગમતને અપીલ કરવામાં ઓછી અને પાછી પડી છે. ભાજપી રાષ્ટ્રવાદનો સ્વરાજ-ચળવળ વખતનો વિભાજક વારસો હિંદુ-હિંદી-હિન્દુસ્તાન એ તરજ પરની ત્રિસૂત્રીનો છે. હિંદીભાષી હિન્દુસ્તાન તરીકેની રાષ્ટ્રીય ઓળખમાં નજીકનાં પાછોતરાં વરસોમાં જેની ફરતે વળ ને આમળા ચઢ્યા હોય, એવો નારો (લગભગ યુદ્ધનાદ) 'જય શ્રીરામ' છે. બાંગલા જનજીવનમાં, ઊલટ પક્ષે, દુર્ગાનું જે સ્થાન અને ભૂમિકા છે, એનો કોઈ વિકલ્પ નથી. દુર્ગા વાટે પ્રગટ થવા કરતો સહજ હિંદુભાવ અને 'જયશ્રી રામ'નો હિંદુત્વ યુદ્ધનાદ, બે વચ્ચે મેળ તો નહીં જ પણ લગભગ છત્રીસનો સંબંધ વરતાયો એ હકીકત છે. સહજ હિંદુભાવ સામે હિંદુત્વ બુલડોઝર વલણ વિપરીતપરિણામી પુરવાર થયું.

ગમે તેમ પણ, દૃષ્ટાંતો અને નિમિત્તોમાં ઝાઝું ખોવાયા વગર અહીં જે મુદ્દો ઘૂંટવો રહે છે તે એ છે કે આપણા જેવા ભાતીગળ દેશમાં એકતાનો રસ્તો બીબાઢાળ જડબેસલાક તરેહનો નહીં, પણ સૌને અવકાશ-મોકળાશ આપતો સમવાયી તરેહનો જ હોઈ શકે. ભાજપનો રાષ્ટ્રવાદ વચ્ચે-વચ્ચે જરી સભાન પણે સ્થાનિક વાનાંનું સહવરણ કરવાનો વિવેક દાખવતો હોય તોપણ એકંદરે એની તાસીર ને તરાહ એકલક્ષ્ઠ અભિગમની છે, જે સરવાળે બીજાને પાછા પાડે, વેગળાપણું અનુભવાવે. કોણ સમજાવે, ઝંડાબરદારોને કે કુલકન્યા વિનય-અનુનયથી જ પ્રાપ્ત થઈ શકે, બલાત્ કબજો જમાવી શકો પણ આત્મીયતા મારી ફરે.

લાંબા ડાબેરી કાળ પછી બંગાળ બીજે છેડે જતું માલૂમ પડે છે — અને એ બીજા છેડાની રીતે ભાજપ આ કિસ્સામાં કોઈ આપોઆપ વિકલ્પ નથી. બલકે, દૃઢમૂલ ડાબેરીવાદ બાજુએ મૂક્યા પછી પણ ભાવજગત અને ભાવાવરણ જેવું કાંક કશુંક તો રહે છે જેને નરદમ ભાજપી માહોલ રાસ નથી આવતો તે નથી આવતો. લેફ્ટ-લિબરલ એવી ભદ્રલોક ધારા પ.બંગાળની રાજવટનાં માર્ક્સવાદી વર્ષોમાં સત્તાની નજીક, કંઈક અંગભૂત જેવી પણ હશે. પણ બધો વખત, ક્વચિત્ માનો કે નહીંવત્ પણ એને પક્ષે એક આલોચનાત્મક અંતર રહેતું આવ્યું છે. હમણાં જુદા નિમિત્તસર જે બહુ ચમક્યું તે નંદીગ્રામનો થોડાં વરસ પરનો ઘટનાક્રમ એનું ઉત્તમ ઉદાહરણ છે. સ્વતંત્ર બૌદ્ધિક વલણોવાળી લેફ્ટ લિબરલ ધારા પ.બંગાળના સીપીએમ શાસનથી હટી અને સામે ગઈ તે નંદીગ્રામ ઘટનાનો એક વિશેષ હતો. આ લેફ્ટ-લિબરલ (પણ સ્થાપિત પક્ષોથી સ્વતંત્ર) ધારાએ ડાબેરી અતિવાદ સામે એક ભૂમિકા લીધી, જેણે પ.બંગાળમાં બિનડાબેરી સંભાવનાનો પથ પ્રશસ્ત કીધો. પણ આ જે વિકલ્પ ખૂલ્યો એમાં ભાજપનો પ્રવેશ સ્વતંત્ર લેફ્ટ-લિબરલ ધારાના મતે ઇષ્ટ નહોતો ને નથી. ડાબેરી-કૉંગ્રેસ જોડાણ છતાં પરંપરાગત ડાબેરી મતો સરવાળે તૃણમૂલ તરફે ગયા એનું રહસ્ય આ વિગતમાં છે.

જેમ ડાબેરી હોઈ શકતા મતોએ ભાજપવિરોધની ભૂમિકાએ વિજયની શક્યતા ધરાવનાર તૃણમૂલ તરફે ઢળવું પસંદ કર્યું, મુસ્લિમ મતોએ પણ કૉંગ્રેસ તરફે મતદાનના પ્રણાલિકાગત રવૈયાને બદલે તૃણમૂલ જોડે જવું પસંદ કર્યું. ભાજપી રાષ્ટ્રવાદની હંમેશની કોશિશ હિંદુ અને મુસ્લિમને ધોરણે ધ્રુવીકરણની હોય છે. પણ મુસ્લિમ મતોએ ધ્રુવીકૃત થતી વખતે તૃણમૂલ સાથે રહેવાનો જે વ્યૂહ લીધો, એણે કોમી વિભાજન મારફતે ભાજપને અપેક્ષિત બહુમતીવાદ (મૅજોરિટેરિયનિઝમ)ની બાજી બનવા ન દીધી. હિંદુ મતે ભાજપ જોડે એક જથ્થે જવાપણું ન જોયું એ સૂચક છે. ભાજપ ને તૃણમૂલ બેઉમાં એ લગભગ સરખા વહેંચાયા-મતલબ, ધ્રુવીકરણનો મોદી-અમિત રાબેતો બર ન આવ્યો. મુસ્લિમ મતોનો બે તૃતીયાંશ હિસ્સો તૃણમૂલ જોડે રહ્યો, અને સહેજે અર્ધોઅર્ધ હિંદુ મતો પણ. લેફ્ટ-લિબરલ ધારાનોયે ઝુકાવ તૃણમૂલ જોડે રહ્યો. અને હા, આ ચર્ચામાં રખે ચૂકીએ કે મહિલા મતદાન તૃણમૂલને સૂંડલામોંઢે ફળ્યું. 'દીદી ઓ દીદી' જેવી ફિલમઉતારુ પેરવી સામે મહિલાગૌરવે કચકચાવીને મતદાન કર્યું તેમ સમજાય છે. ઉપરાંત 'સરકાર તમારે દ્વારે' જેવા ઉપક્રમોની પણ ખાસી કુમક રહી.

શાસનશૈલીમાં મનમુરાદ વલણો સહિતના પ્રશ્નો મમતા બેનરજીના પક્ષે નથી એમ નથી. બલકે પૂરતા છે. બે મુદત પછી ઍન્ટિ-ઇન્કમ્બન્સીનોયે સવાલ સ્વાભાવિક જ હોય. પણ જે સમજાય છે તે એ કે વ્હિલચૅર વિ. વિમાને મમતાને સહાનુભૂતિ મતનું ખાસું સુવાણ કરી આપ્યું. દૃઢમતિ મમતાનું નેતૃત્વ અને પ્રશાન્ત કિશોરની વ્યૂહકારી ભાજપની આક્રમક મુદ્રા તેમજ ચૂંટણીપંચ, સીબીઆઈ, એન્ફૉર્સમેન્ટ ડિરેક્ટોરેટ, એક લાખ ત્રીસ હજાર જેટલા આર્મ્ડફોર્સ સામે કામિયાબ રહ્યાં એ હકીકત છે.

બેશક, બે - ખરું જોતાં ત્રણ-મુદ્દા સ્પષ્ટ કરવા જોઈએ. મમતાની લાગટ ત્રીજી ફતેહ, નવી ટર્મમાં પ્રત્યક્ષ કાર્યદેખાવ વિના ફળી શકશે નહીં. ભાજપની ધોબીપછાડ એણે જે હુંફાદ અને દાવેદારી દાખવી તેને કારણે નાટ્યાત્મકપણે, તુલનાત્મકપણે ખાસી આકરી લાગે છે. પણ ૨૦૧૬ની બંગાળ વિધાનસભાને મુકાબલે એ ૨૦૨૧ની વિધાનસભામાં ધોરણસરના વિપક્ષ રૂપે પ્રવેશેલ છે. અલબત્ત, ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં એણે ૧૨૧ જેટલાં વિધાનસભા ક્ષેત્રોમાં સરસાઈ દાખવી હતી, એની સરખામણીમાં ૨૦૨૧માં મળેલી બેઠકો ઓછી છે, પણ એ વિપક્ષ તરીકે સ્થાનબદ્ધ થઈ શકેલ છે, તે ભૂલવા જેવું નથી.

છેલ્લો અને ત્રીજો મુદ્દો, પ્રશાન્ત કિશોરની વ્યૂહકારી. એમણે સર્વોચ્ચ વિજયની ક્ષણે હવે ચૂંટણીવ્યૂહમોરચે નિવૃત્તિ જાહેર કરી છે. યશની ટોચ

પર નિવૃત્તિ લેવી એ એક સારી વાત છે, પણ પિસ્તાળીસમે વરસે એ યથાર્થમાં નિવૃત્ત ભાગ્યે જ થઈ શકે. જોઈએ, શું કરે છે, દરમિયાન એમની ખિદમતમાં તેમ એમના પ્રશંસકોનીયે ખિદમતમાં બાઅદબ એક સવાલ અધોરેખિતપણે કરવો રહે છે. નરેન્દ્ર મોદી અને નીતિશકુમાર કે મમતા બેનરજી, તમે એના કંત્રાટી કૌશલનવીસ તરીકે મતદારોમાં માલ ખપાવી આપો, એનું વાસ્તવિક મૂલ્ય શું. તમે માત્ર કૌશલથી ઓળખાવું પસંદ કરશો કે વિચારનિષ્ઠાથી. કૌશલકારી પોતાને ઠેકાણે ઠીક હશે, બલકે છે. પણ વિચારનું કોઈ મૂલ્ય જ નહીં ? વેચાઉ માલનું રાજકારણ કેવી રીતે સ્વીકાર્ય હોય? મમતા બેનરજીના વિજયના આનંદ ઉત્સાહમાં આ એક પાયાનો સવાલ વણસંભળાયો રહેશે તો તે આપણી કમનસીબી હશે.

હતું કે પ્રશાન્તકિશોર નિમિત્તે ઘોળાતી પ્રશ્નકારીનો અને કૌશલનવીસી બનામ વિચારનિષ્ઠાનો મુદ્દો છેલ્લો હશે. પણ ત્રીજી મેએ આ નોંધ લખાઈ રહી છે, ત્યારે રાજ્યમાં વ્યાપક હિંસાના હેવાલો ચિંતિત કરનારા છે. આઠ તબક્કામાં વહેંચાયેલી ચૂંટણી દરમિયાન કેન્દ્રની જે ભીંસ સતત રહી, એના પ્રત્યાઘાતના અંશો એમાં હોઈ શકે છે— અને જાહેર પ્રત્યાયનની રીતે તૃણમૂલ તેમ ભાજપ બેઉને પક્ષે પ્રત્યક્ષ 'હિંસા'નો છોછ નથી, એ કોઈ ખાનગી વાત નથી. સીપીએમનીયે એ જ પ્રણાલી રહી છે. પણ, આ બધો હવાલો આપ્યા પછી અને છતાં કહેવાનું તો એ જ રહે છે કે દિલ્હીના હિંસા-સંચાર સામે ચાણાક્ષપણે પેશ આવવા સાથે મમતા બેનરજીએ પોતાના વળના સમુદાયને વારવો અનિવાર્ય છે. અન્યથા, કર્યું કારવ્યું ને મેળવ્યું નકોનકો બની રહેશે. અને એથી સરવાળે જે ભોગ લાગશે તે તૃણમૂલ અગર ભાજપના તો ઠીક પણ આપણા તો હશે જ હશે.

## મોદી બ્રાંડ રાજનીતિનો પરાભવ / ભરત મહેતા

હાલમાં દેશમાં આસામ, તામિલનાડુ,કેરળ અને બંગાળ એમ ચાર રાજ્યોમાં ચૂંટણી થઈ, પરંતુ નરેન્દ્ર મોદીને તો જાણે બંગાળ જ સર કરવું હોય એમ દિલ્હી-કોલકાતા વિમાનની ઊડાઊડ ચાલી! સામે મમતાની વ્હિલચૅરની હરીફાઈ : પરિણામ આવતાં જ સસલા-કાચબાની વાર્તા યાદ આવી ગઈ ! પરિણામો આગોતરાં જાહેર કરનાર તમામેતમામ ખોટાં ઠર્યાં. કોરોનાકાળમાં આ ચૂંટણી એક રાષ્ટ્રીય ઉત્સવ બની ચૂકી હતી. નરેન્દ્ર મોદીએ વડાપ્રધાનની ગરિમા બાજુએ મૂકીને અઢાર રેલીઓ કરીને, રણશિંગુ ફૂંકીને એક યુદ્ધનું એલાન કર્યું હોય એવો માહોલ હતો. રાજ્યની ચૂંટણી રાષ્ટ્રીય ચૂંટણીમાં પરિવર્તિત થઈ ચૂકી હતી. આખી કૅબિનેટ, ઢગલો સાંસદ, ભાજપના મુખ્યમંત્રીઓ અને સેંકડો કાર્યકરોએ બંગાળ ધમરોળી નાખ્યું હતું. શુભેન્દુ જેવા ઘણા વિપક્ષી નેતાઓને ભાજપમાં સામેલ કરવા ઉપરાંત લોકસભાની ચૂંટણીમાં નહોતો કર્યો એટલો સાતથી આઠ હજાર કરોડનો ખર્ચ કર્યો. ચૂંટણી આયોગનેય આગોતરું કામે લગાડ્યું હતું. લોકસભામાં ઈ.૨૦૧૯માં જે વિસ્તારોમાંથી ભાજપ ચૂંટાયેલું ત્યાની ચૂંટણી પહેલા યોજવાની.ટીએમસી પ્રભાવિત જિલ્લાઓને બે-ત્રણ-ચાર ભાગમાં વિભાજિત કરી નાખવાના, ચૂંટણી આઠ તબક્કામાં જેવા નાના-મોટા ખેલ પણ પડ્યા, છતાંય પરિણામ ન મળ્યું. બસોથી વધુ બેઠકોનો હુંકાર અમિત શાહે કરેલો એ તો ક્યાંય દૂર રહી ગયો. રાષ્ટ્રીય ચૂંટણીમાં સેનાસમેત પધારેલ રાષ્ટ્રીય નાયકે દીદી...ઓ...દીદીનો વરવો અભિનય કરેલો. 'અમે હાથપગ ચલાવીશું તો બૅન્ડેજ પણ ઓછાં પડશે'... જેવી દિલીપ ઘોષની કે 'બીજી મે પછી ટીએમસીના કાર્યકરોએ જાનની ભીખ માંગવી પડશે,' એવી યોગીજીની ધમકીઓ. આમ સામ,દામ,દંડ,ભેદ બધુંય ચાલ્યું, છતાંય ભાજપને લોકસભા કરતાં ૩% વોટ ઓછા મળ્યા. લોકસભામાં ૪૧% મળ્યાં હતા.આ વખતે ૩૮% જ મળ્યા. મોદી બ્રાંડ રાજનીતિનો પરાભવ એનાં કારણો અને એની આગામી અસરો ખૂબ જ મહત્ત્વની બની રહેવાની. ચારમાંથી ત્રણ રાજ્યોમાં સમાંતરે મોદી બ્રાંડ રાજનીતિનો પરાભવ થયો. તરત જ ઉત્તરપ્રદેશની સ્થાનિક ચૂંટણીમાં પણ એનો પ્રભાવ દેખાય છે. મોદી બ્રાંડ રાજનીતિની લોકપ્રિયતામાં આવેલી ઓટનું આ સીધું પરિણામ છે. જે લોકસભાના વિસ્તારો ભાજપે જીતેલા એ વિસ્તારોમાંથી ૧૨૨ ધારાસભ્યો જીતવા જોઈએ. જેમાંથી પચાસ જેટલા ઓછા છે, તેથી એવું આશ્વાસન લેવાનું કે અમે ત્રણમાંથી આટલે પહોંચ્યા એ મન મનાવવાની વાત છે,તોતિંગ ભીડ મતમાં પરિવર્તિત ન થઈ.

બંગાળ જ મોદીજીની ચિંતાનું કારણ કેમ હતું એ સમજી શકાય તેમ છે. બંગાળ રાજા રામમોહનરૉયથી આજ લગી સર્વધર્મસમભાવની નીતિવાળું છે. એ જીતી બહુસંખ્યક રાજનીતિનો દબદબો કરવાનો મોદીજીનો મનોરથ હતો. એમની લડાઈ મમતા સામે નહીં, વિકાસ માટે નહીં, પણ પરિવર્તન માટે હતી. પરિવર્તન એટલે સર્વધર્મસમભાવમાંથી બહુસંખ્યક રાજનીતિનું પરિવર્તન, પણ ધ્રુવીકરણની લડાઈ પ્રજામિજાજને અનુકૂળ ન આવી. હિંદુબહુલ વિસ્તારમાંથી ટીએમસીને ખૂબ મત મળ્યા છે; મુસ્લિમોના વોટ ઓવૈસીને, કૉંગ્રેસને નથી મળ્યાઃ આ પરિવર્તન થયું. ધર્મનિરપેક્ષ રાષ્ટ્ર માટે જરૂરી પરિણામ આવ્યું.

મમતાને અગાઉ વિધાનસભામાં કે લોકસભામાં ન મળ્યા હોય એટલા મત મળ્યા ! એનો અર્થ એ થાય કે શાહીનબાગ અને કિસાનઆંદોલને ઊભી કરેલી હવા એમને ફળી. ૬૨% મત ભાજપવિરોધમાં પડ્યા છે. જો રાષ્ટ્રીય પરિપ્રેક્ષ્યથી રાજ્યની ચૂંટણીને જોઈએ તો વિપક્ષને આટલા બધા મત મળવા એ રાષ્ટ્રીય નાયકનો પરાભવ છે. સ્થાનિક અસ્મિતા અને હિંદુત્વનું રંગીન શરબત ત્રિપુરાને માફક આવી ગયું અને ડાબેરી સરકાર ગઈ હતી. અહીં પણ એ જ નીતિ અખત્યાર થઈ. બંગાળમાં એક કરોડ લોકો હિન્દીભાષી છે. આ હિન્દીભાષી લોકોને બંગાળના નવજાગરણનો એટલો પરિચય નથી, તેથી એ સાંપ્રદાયિક સૂત્રોચ્ચારમાં ફસાઈ જાય પણ ખરા. તેથી 'જય શ્રીરામ'નું ચાલ્યું.'જય શ્રીરામ' અવશ્ય બોલવું જોઈએ. મંદિરમાં જઈ બોલો, ધર્મનું સંમેલન હોય ત્યાં બોલો, જ્યાં હનુમાનચાલીસા કે રામાયણનો પાઠ ચાલે ત્યાં બોલો,પણ ચૂંટણીની સભામાં 'જય શ્રીરામ'? આ તો લોકતંત્રમાં સંવિધાનને બાજુએ મૂકીને ધર્મને કેન્દ્રમાં મૂકવાની જ મોદી બ્રાંડ રાજનીતિ થઈ. જો ધર્મ આટલો જ પ્રિય હોય તો સંત બની જાવ, સંકીર્તન કરો. રાજનીતિને પ્રદૂષિત ન કરો. 'કસમ રામ કી ખાતે હૈં, વિધાનસભા હમ બનાયેંગે'... આવાં સૂત્રો આ પ્રદૂષણનો જ ભાગ છે. 'હિન્દુ હિન્દુ ભાઈભાઈ, દૂસરી જાતિ કહાઁ સે આઈ?' જેવા સૂત્રોચ્ચાર માટે ચૂંટણીઆયોગે હરફ સરખોય ઉચ્ચાર્યો નથી.

મોદી બ્રાંડ રાજનીતિમાં ધર્મ રાજનીતિથી મોટો છે, તેથી કોરોના ગમે તેટલો વકરે પણ કુંભનો મેળો તો થવો જ જોઈએ. ધર્મનિરપેક્ષતા વિરુદ્ધ બહુસંખ્યક સાંપ્રદાયિક રાજનીતિમાં આ ધર્મનિરપેક્ષતાનો વિજય છે બંગાળનું પરિણામ. અહીં મમતાનો વિજય મહત્ત્વનો નથી, કૉંગ્રેસ-ડાબેરીની હાર મહત્ત્વની નથી. મોદી બ્રાંડની 'મિશન બંગાલ'ની રાજનીતિનો પરાભવ મહત્ત્વનો છે. ભાજપે, ભાજપમાં ભળી ગયેલાએ આ મોદીબ્રાંડમાંથી બહાર નીકળવું જરૂરી છે. કિસાન-આંદોલનના નેતા રાકેશ ટિકૈતે કહ્યું કે બંગાળની ચૂંટણી ટ્રેલર છે, ફિલ્મ હજુ બાકી છે. ઉત્તરપ્રદેશમાં ચૂંટણીના ભણકારા વાગી રહ્યા છે, મોદી સરકાર કોરોનામાં સરિયામ નિષ્ફળ ગઈ છે ત્યારે બંગાળની ચૂંટણી ખુદ ભાજપને પુનઃ વિચાર કરવાની તક આપે છે.

# ભાલો ખેલા હોલો / મેહુલ દેવકલા

બીજી મેની ધોમધખતી બપોરે દોઢ વાગ્યાની આસપાસ કોલકાતાથી અંતરા-દેવસેનનો મૅસેજ આવે છે કે, 'ભાલો ખેલા હોલો'. દેશદુનિયાની જેના પર નજર હતી એ બંગાળ વિધાનસભાનાં પરિણામો આવવા માંડ્યાં હતાં. મમતા બેનરજી સતત ત્રીજી વાર અને પહેલાં કરતાં વધારે બહુમતીથી બંગાળમાં સરકાર બનાવવા જઈ રહ્યાં હતાં. બંગાળમાં 'ખેલા હોબે'નો નારો લોકજીભે હતો અને હરકોઈ ખેલા જોવા આતુર હતુ. આ પરિણામો દેશની દશા-દિશા પર ઘેરી અસર કરવાનાં હતાં એ સૌ કોઈ જાણતું હતું.

કેન્દ્રમાં સત્તારૂઢ પક્ષે બંગાળમાં ન ભૂતો ન ભવિષ્યતિ જેવું જોર લગાડ્યું હતું. યોગ્ય ઉમેદવારો ન મળતાં સાંસદોને, સાંસદપદું ત્યાગીને પરાણે ધારાસભ્ય બનવાની હોડમાં ઉતારવામાં આવ્યા. બહુચર્ચિત નંદીગ્રામ વિધાનસભા ક્ષેત્રમાંથી તૃણમૂલના જ સાંસદને દીદી સામે હરીફ બનાવવામાં આવ્યા. એકંદરે મામલો 'અભી નહીં તો કભી નહીં' નો હતો.

ત્રીજો મોરચો વામદળોનો પણ હતો જેમના માટે દીદી જોડે જૂના હિસાબો ચૂકતે કરવા એ જ એક માત્ર ધ્યેય હતુ. કદાચ પહેલી વાર બન્યું કે કોઈ વડાપ્રધાને ભારતબહાર જઈને ભારતના કોઈ એક રાજ્યની ચૂંટણી માટે પ્રચાર કર્યો હોય. બાંગ્લાદેશના મટુઆ જાતિના લોકો કે જેમની સારી એવી વસ્તી પ.બંગાળમાં પણ છે, એમને આકર્ષવાનો આ પ્રયાસ હતો.

આ ચૂંટણીમાં ચૂંટણીપંચના નિર્ણયો ખાસ્સા વિવાદમાં રહ્યા. એમ પણ કહેવામાં આવ્યું કે કેન્દ્રીય સત્તાધીશો બંગાળની વણખેડી ધરતીના ખૂણેખાંચરે જઈને પ્રચાર કરી શકે એટલે આઠ ચરણોમાં ચૂંટણી વહેંચવામાં આવી છે જે કોરોનાનાં કપરા કાળમાં ટાળી શકાયું હોત. દીદી પર ચોવીસ કલાકનો પ્રચાર માટે બેન લગાવવામાં આવ્યો, જે એકંદરે સહાનુભૂતિમાં પરિણમ્યો. ટૂંકમાં ખેલા બરાબર જામ્યો હતો.

બીજી પણ ઘણી રાજનૈતિક વાતો થઈ શકે એમ છે. પરંતુ વાત મારે સાંસ્કૃતિક પરિબળોની કરવી છે. બંગાળને અને ત્યાંનાં લોકોને હું જેટલો નજીકથી જાણી શક્યો છું એના ઉપર આ અભિપ્રાયો આપી રહ્યો છું. સાંસ્કૃતિક રાષ્ટ્રવાદના નેજા હેઠળ ચૂંટણીમાં ઊતરતો પક્ષ બંગાળમાં કયાં સાંસ્કૃતિક પરિબળોનાં કારણે ભોંય ભેગો થયો બે એ જાણવું રસપ્રદ રહેશે.

પ્રારંભથી વાત માંડીએ તો કેન્દ્રીય ગૃહમંત્રીએ શાંતિનિકેતનની મુલાકાતથી ચૂંટણીપ્રચારની શરૂઆત કરી. પોસ્ટર્સમાં ટાગોરથી મોટા ફોટા નેતાઓના મૂકવામાં આવ્યા.ટાગોર બંગાળનાં લોકો માટે એક પ્રતીક માત્ર નથી. પરંતુ એમના જીવનનો એક ભાગ છે. વિવાદ થતાં પોસ્ટર્સ હટાવવામાં આવ્યાં, પણ બહુ મોડું થઈ ચૂક્યું હતું. પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવા ઘાટ થયો. વડાપ્રધાનને બંગાળ માટે ટાગોરનું શું મહત્ત્વ છે, એનો સુપેરે ખ્યાલ હતો, એથી એમણે ચૂંટણીપ્રચારના ભાગ રૂપે ટાગોરનો વેષ પણ ધારણ કર્યો. એ વાત પણ બંગાળના લોકોને ટાગોરના અપમાન જેવી જ લાગી. ગુજરાતથી ઊલટું બંગાળના કલાકારો અને લેખકો પોતાનો રાજનૈતિક લગાવ-અલગાવ જાહેરમાં વ્યક્ત કરે છે. બંગાળના લોકોના માનસ પર એની અસર પણ જણાતી હોય છે. ચૂંટણીપ્રચાર દરમિયાન નામી લેખકો અને કલાકારોના બહુ મોટા જૂથે કેન્દ્રના શાસકો વિરુદ્ધ પોતાની લાગણી જોરશોરથી મૂકી હતી. કોલકાતામાં અડ્ડા કલ્ચર બહુ જાણીતું છે.અહીં વિવિધ વિચારધારાના સમર્થક બૌદ્ધિકો, વિદ્યાર્થીઓ, કલાકારો ચર્ચા-વાદવિવાદ કરતાં હોય છે. કૉલેજસ્ટ્રીટના કૉફીહાઉસ અડ્ડા પર પહેલી વાર પોસ્ટર્સ ફાડવાની અને ઉગ્ર નારાબાજી થવાની ઘટના બની જેની વિદ્યાર્થીઓના બહુ મોટા વર્ગ પર અસર પડી. બંગાળ પહેલાથી જ વિચારોના ખુલ્લાપણાની ભૂમિ રહી છે. કહેવાય છે કે બંગાળ જે આજે કરે છે એ દેશ આવતી કાલે કરે છે.

કેન્દ્રમાં સત્તારૂઢ પક્ષની હારનું એક બહુ મોટું કારણ જો કોઈ ઘટના બની હોય તો વડાપ્રધાન દ્વારા જાહેરસભાઓમાં બંગાળનાં મહિલા મુખ્ય મંત્રીને 'દીદી ઓ દીદી' તરીકે કટાક્ષના લહેજામાં મશ્કરી રૂપે સંબોધવું- દુર્ગાના દેશમાં મહિલાઓનો બહુ મોટો વર્ગ કે જે અગાઉથી દીદીનો સમર્થક રહ્યો છે તે આ કૅટ-કૉલ (છેડતીરૂપ ઉદ્‌બોધન)થી ભારે નારાજ હતો. ભાષાનું અજ્ઞાન અહીં ભારે પડ્યું.

સતત ચાર દાયકા સુધી વામદળોએ બંગાળમાં શાસન કર્યું હતું, પરંતુ આ ચૂંટણીઓમાં બંગાળે એમના પર સંપૂર્ણપણે ચોકડી મૂકી દીધી. મારી મિત્ર શાયરાના પતિ ફાઉદ હાલીમ (બંગાળ વિધાનસભામાં સૌથી લાંબો સમય સ્પીકર રહી ચૂકેલા હાશીમ હલીમના પુત્ર) જેઓ ખૂબ જાણીતા તબીબ પણ છે, તેઓ બેલીગંજ વિધાનસભાક્ષેત્રથી વામદળ અને ત્રીજા મોરચાના સંયુક્ત ઉમેદવાર તરીકે ઊભા રહ્યા હતા. તેઓ તૃણમૂલના ઉમેદવાર સામે પરાજિત થયા.

જાન્યુઆરી ૨૦૨૦માં 'ધ બંગાલ' અને કોલકાતા પોલીસના સંયુક્ત ઉપક્રમે આયોજિત સન્માન-સમારંભમાં જવાનું બન્યું હતું. જાણીતા ચિત્રકાર જોગેન ચૌધરી અને આશિષ નંદી ત્યાં ઉપસ્થિત હતા. મારું બહુમાન જેમનાં હાથે થયું હતું તે જાણીતા ફૅશન ડિઝાઇનર અગનમિત્રા પોલ સાથે સમારંભના અંતે રાત્રિભોજ પર બંગાળની સંસ્કૃતિ વિશે ઘણી વાતો થઈ હતી. અગનમિત્રા આ ચૂંટણીઓમાં આસનસોલ વિધાનસભા ક્ષેત્રથી ચૂંટાઈ આવ્યાં છે.

અંતે વાત આ સમગ્ર ખેલામાં સૌથી અનોખા ઉમેદવાર મનોરંજન બ્યાપારી વિશે. એમની જીવનયાત્રા એક ચમત્કારથી ઓછી નથી.મનોરંજન બ્યાપારીનું બાળપણ અત્યંત ગરીબીમાં ફૂટપાથ અને ચાની લારી પર વાસણ ધોતાં પસાર થયું છે. શાળામાં જવાનું તો સ્વપ્નમાં પણ શક્ય નહોતું. યુવાનીમાં આંદોલનકારી તરીકે જેલવટો ભોગવવાનો આવ્યો. કાળા અક્ષરો જોડે પહેલી વાર પનારો પડ્યો. જેલમાં જ જાતે શિક્ષિત થયા. વાંચવાનું-લખવાનું શરૂ કર્યું. જેલમાંથી છૂટ્યા બાદ દાયકાઓ સુધી કોલકાતાની સડકો પર પેદલ રીક્ષા ખેંચવાનું કામ કર્યું. એક દિવસે એમની પેદલ રીક્ષામાં જે સવારી આવી એણે મનોરંજન બ્યાપારીનું જીવન જડમૂળથી બદલી નાંખ્યું. તે સવારી એટલે જ્ઞાનપીઠ પુરસ્કૃત જગવિખ્યાત લેખિકા મહાશ્વેતાદેવી. તેઓ હાંસિયામાં ધકેલાયેલા લોકો માટે ફરિસ્તા સમાન હતાં. એમણે મનોરંજનની વાતો સાંભળીને લખવા માટે પ્રેરિત કર્યા.મહાશ્વેતાદેવીએ એમની વાર્તાઓ અને લેખો છાપવા માંડ્યાં. જોતજોતાંમાં બંગાળભરમાં સાહિત્યકાર તરીકે એમની ખ્યાતિ વધવા માંડી. એમનાં ઘણાં પુસ્તકો અંગ્રેજીમાં અનુવાદિત થયાં, ચર્ચિત બન્યાં અને મનોરંજન બ્યાપારીની ખ્યાતિ બંગાળના સીમાડાઓ ઓળંગી ગઈ. એમની આત્મકથાના અંગ્રેજી અનુવાદ 'ઈન્ટરોગેટિંગ માય ચાંડાલ લાઇફ'ને ૨૦૧૯નું બહુ પ્રતિષ્ઠિત 'ધ હિન્દુ લિટરરી' સન્માન મળ્યું. મમતા બેનરજીએ સૌપ્રથમ વાર બંગાળ દલિતસાહિત્ય અકાદમીનું ગઠન કર્યું ત્યારે મનોરંજન બ્યાપારીને એના પ્રથમ અધ્યક્ષ બનાવ્યાં. આ ચૂંટણીમાં એમનો રાજકારણમાં પ્રવેશ થયો. તૃણમૂલના ઉમેદવાર તરીકે બાલાગઢ વિધાનસભા ક્ષેત્રથી ભારે બહુમતીથી ચૂંટાઈ આવ્યા. મનોરંજન બ્યાપારી જેવા 'માટીર માનુષ' ઉમેદવારનું ચૂંટાવું ભારતીય લોકશાહીમાં આપણી આસ્થાને મજબૂત કરે છે.

# ડી.એલ. શેઠ, બહાદરપુર યુનિવર્સિટીના વિદ્યાવાચસ્પતિ / બીરેન કોઠારી

"બૌદ્ધિકો એટલે પોતાના એકદંડિયા મહેલમાં બેસીને 'બૌદ્ધિકો દ્વારા, બૌદ્ધિકો માટે અને બૌદ્ધિકોનું' સંશોધન કરતા લોકો." ધીરુભાઈ શેઠને મળતાં, તેમની સાથે વાત કરતાં આ માન્યતાનો છેદ ઊડી જતો જણાતો. ૭ મે, ૨૦૨૧ના રોજ, ૮૫ વર્ષની વયે દિલ્હીમાં તેમનું અવસાન થયું, એ દેશના બૌદ્ધિક જગતને પડેલી મોટી ખોટ કહી શકાય.

તેમના પ્રદાનને શબ્દોમાં સમાવવું મુશ્કેલ પડે એટલું તે બહોળું હતું.

જાતિ અને અસ્પૃશ્યતા, વિકાસ, લઘુમતીના હકો જેવા વિવિધ વિષયો પરના ધીરુભાઈના અનેક લેખો વિશ્વની વિવિધ ભાષાઓમાં અનુવાદિત થયા. તેમની નિગેહબાની હેઠળ 'વર્લ્ડ ઑર્ડર મૉડેલ્સ પ્રોજેક્ટ' જેવો સમગ્ર વિશ્વનું સુચારુ ઢબે સંચાલન કરવાના ખ્યાલને કેન્દ્રસ્થાને રાખતો મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ સંપન્ન થયો હતો. તેમના 'લોકાયન' જેવા ભારતભરમાં નેટવર્ક ધરાવતા પ્રોજેક્ટને નોબેલ પારિતોષિક સમકક્ષ ગણાતો 'રાઇટ લાઇવલીહૂડ ઍવૉર્ડ' પ્રાપ્ત થયો હતો. પી.યુ.સી.એલ. (દિલ્હી)ના તેઓ ચૅરપર્સન રહી ચૂક્યા હતા અને છેલ્લા એકાદ દાયકામાં દક્ષિણ એશિયાના અનેક દેશોમાં અનેક રાજકીય તેમજ સામાજિક સંશોધનોમાં તેમની સક્રિય સેવા લેવાઈ રહી હતી. નેશનલ કમિશન ફોર બૅકવર્ડ ક્લાસના સભ્ય તરીકે પણ તેમની સેવાઓ લેવામાં આવી. યુનાઇટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામના ૨૦૦૪ના ભારત અંગેના 'રિપોર્ટ ઑન ઇન્ક્લુઝિવ સોસાયટીઝ'માં તેમનું મહત્ત્વનું પ્રદાન રહ્યું. સિમલાની 'ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ એડવાન્સ સ્ટડીઝ'ના તેઓ નેશનલ ફેલો રહી ચૂક્યા હતા અને તેઓ 'ઇન્ડિયન કાઉન્સિલ ઑફ સોશિયલ સાયન્સ રિસર્ચ'ના નૅશનલ ફેલો પણ નિમાયા હતા. આ યાદી હજી લાંબી થઈ શકે.

રાજનીતિના અને સમાજના વિવિધ પ્રવાહો અંગે સંશોધન કરતી દેશની સાવ આરંભિક જૂજ સંસ્થાઓમાંની એક એવા દિલ્હીના 'સેન્ટર ફોર સ્ટડી ઑફ ડેવલપિંગ સોસાયટીઝ' (સી.એસ.ડી.એસ.) સાથે ધીરુભાઈ તેના આરંભથી જ સંકળાયેલા અને દિલ્હીમાં જ સ્થાયી થયેલા. આ કેન્દ્ર દ્વારા હાથ ધરાયેલા પ્રોજેક્ટમાં 'લોકાયન', 'સરાઈ', 'લોકનીતિ' જેવા અત્યંત પ્રતિષ્ઠિત અને અન્ય અનેક બાબતો અંગેના સંશોધન-પ્રોજેક્ટ સામેલ છે. તંદુરસ્ત લોકશાહી માટે આ પ્રકારનાં કેન્દ્રો અનિવાર્ય ગણવામાં આવે છે. હવે તો આ સંસ્થા પચાસ વર્ષ સંપન્ન કરી ચૂકી છે.

અત્યંત ઔપચારિક અભ્યાસની કે ડિગ્રીની રીતે જોઈએ તો ધીરુભાઈ નહોતા ડિગ્રીધારી સોશિયલ સાયન્ટિસ્ટ કે નહોતા પરંપરાગત અર્થમાં પોલિટિકલ સાયન્ટિસ્ટ. આથી જ તેઓ કહી શકતા, 'સમાજવિજ્ઞાન જેવી ચીજ ખરેખર તો હોઈ જ ન શકે. સમાજ કંઈ નિર્જીવ અને જડ પદાર્થોનો સમૂહ નથી કે તેમાં વિજ્ઞાનની જેમ સાર્વત્રિક નિયમો લાગુ પાડી શકાય. હા, સમાજ વિષેનાં જ્ઞાન, જાણકારી કે માહિતી હોઈ શકે.' ધીરુભાઈ પોતાનામાં ઊગેલી સમજણનો તમામ યશ પોતાની ગ્રામીણ પૃષ્ઠભૂમિને આપતા. એ દૃષ્ટિએ તેમના ઉછેરની અને ઔપચારિક અભ્યાસની વિગતો ખૂબ જ રસપ્રદ છે.

વડોદરા જિલ્લાના સંખેડા તાલુકાનું બહાદરપુર (બાધરપુર) ગામ ધીરુભાઈનું વતન. ૧૭મી માર્ચ, ૧૯૩૬ના રોજ પિતા લલ્લુભાઈ અને માતા હીરાબહેનને ત્યાં તેઓ જન્મેલા. કુલ પાંચ સંતાનોમાં ધીરુભાઈ સૌથી મોટા. દસમા ધોરણ સુધીનું તેમનું શાળાકીય શિક્ષણ બહાદરપુરની શાળામાં જ થયું. નાનપણથી જ તેમને જેટલો રસ શાળાએ જવામાં પડતો, એટલો અભ્યાસમાં પડતો નહીં. તેમણે કહેલું, 'તે વખતે વધુ ભણવા ઇચ્છનારની મહત્ત્વાકાંક્ષા એટલી જ રહેતી કે નૉનમૅટ્રિક થઈ જવાય એટલે બસ.' ધીંગામસ્તી અને અવળચંડાઈ એ ગાળાની મુખ્ય પ્રવૃત્તિ અને પ્રવૃત્તિઓ કેવી-કેવી? નિશાળેથી છૂટ્યા પછી ઘેર બહુ મોડેથી પહોંચવાનું. અને મોટે ભાગે જમીનમાર્ગે નહીં, પણ છાપરાં કૂદતાં કૂદતાં 'આકાશી માર્ગે' જવાનું. મિત્રો સાથે મળીને જાતજાતની યોજનાઓ અને તેનું અમલીકરણ, જેમકે- શેરીની કૂતરી વિયાઈ હોય તો તેનાં ગલૂડિયાંની સંભાળ લેવાની, કૂતરીને માટે શીરો બનાવવા ઘેરઘેરથી ઉઘરાણું કરવાનું, કોઈકની બકરી દોહીને દૂધ લઈ આવવાનું, વાંદરા પકડવાં, પતંગો લૂંટવી, મેળાઓમાં જવાનું અને ત્યાંથી વસ્તુઓ સેરવી લેવાની, ગામમાં આવેલા સરકસમાં પાછલે બારણે ઘૂસ મારવી, સરકસમાં જોયેલા કૂતરાના ખેલ ઘેર આવ્યા પછી પોતે રિંગમાસ્ટર બનીને શેરીના કૂતરા પાસે કરાવવા અને તેમાંથી કમાણી કરવી- આવાં તો કેટલાંય 'મહત્ત્વનાં કામો' રહેતાં. વિવિધ જ્ઞાતિઓના મિત્રોના ઘરમાં હકપૂર્વક અવરજવર પણ થયા કરતી. આવામાં ભણવાનો સમય ક્યાંથી મળે ?

દરમિયાન, ગામમાં સેવાદળની પ્રવૃત્તિ શરૂ થઈ. ધીરુભાઈએ ત્યાં જવાનું પણ શરૂ કર્યું. સેવાદળમાં જોડાયા પછી સૌ પરેડ કરતાં અને તેનાં વાદ્યો વગાડતાં શીખ્યા. પોતાની આ આવડતનો ઉપયોગ તેમણે સામાજિક ઉત્કર્ષ માટે કર્યો. શી રીતે? પંદર-વીસ મિત્રોએ ભેગા થઈને એક બૅન્ડ બનાવ્યું, જેનું નામ રખાયું 'બંસી બૅન્ડ'. પોતાનાં કે પડોશનાં ગામોમાં કોઈ શુભપ્રસંગે આ બૅન્ડને બોલાવવામાં આવતું. ધીરુભાઈ આ બૅન્ડમાં બંસરી વગાડતા. જોકે, તેમણે કહેલું, 'મને વગાડતાં બરાબર ફાવતું નહીં, પણ આઠ-દસ બંસરીવાદકો વચ્ચે મારું નભી જતું.' આ બૅન્ડ થકી જે આવક થતી તે કોઈને અભ્યાસ વગેરેમાં સહાય કરવામાં વપરાતી.

તેમને સપનેય ખ્યાલ નહોતો કે કિશોરાવસ્થાના આ અનુભવો તેમને સમાજશાસ્ત્રની જટિલતાઓને સરળતાથી સમજવામાં કેટલા કામ લાગવાના છે!

તોફાનોની સમાંતરે તેમનામાં વાંચનની રુચિ પાંગરી હતી, ઇતિહાસ અને સાહિત્યમાં વિશેષ. સ્વઓળખને જાળવી રાખવાની વિવિધ જાતિઓની મથામણની વાત પ્રભાવક રીતે કોઈ ઉચ્ચ કક્ષાના પરિસંવાદોમાં રજૂ કરતી વખતે ધીરુભાઈ પોતાના બાળપણનો એક પ્રસંગ અવશ્ય ટાંકતા. કયો હતો એ પ્રસંગ ?

પંચમહાલ જિલ્લાના કંબોઈ ગામમાં તેમનો એક મિત્ર હતો, જે ભીલ હતો. બંને એક વખત રસ્તા પર દોડાદોડી કરતા હતા, ત્યાં ધ્યાન ન રહેતાં અચાનક પેલો મિત્ર પાણીના ટાંકામાં પડ્યો. જોતજોતાંમાં ટોળું ભેગું થઈ ગયું. સહુએ પ્રયત્નો કર્યા, પણ ટાંકામાંથી પેલાનું મૃત શરીર જ બહાર નીકળી શક્યું. આ દુર્ઘટનાનો જબરદસ્ત આઘાત મરનાર છોકરાની માને લાગ્યો. પછી તો તે રોજ સવારના પહોરમાં મરસિયા ગાતી. આટલાં વરસે ધીરુભાઈ ભીલી બોલીમાં બોલાયેલા એ શબ્દો તો ભૂલી ગયા છે, પણ તેનો ભાવ તેમને યથાતથ યાદ છે. મૃત પુત્રને સંબોધીને એ કહેતી, 'હે દીકરા, તું આવતે જન્મે બ્રાહ્મણ ન બનતો, કેમકે ચાલીચાલીને તારા

પગ ઘસાઈ જશે. તું વાણિયો પણ ન બનતો, કેમકે હિસાબ લખીલખીને તારી આંખો ફૂટી જશે. તું સોની ન બનતો. તું ભીલ જ બનજે અને મારે ખોળે જનમજે.'

આવા અનેક અનુભવો ધીરુભાઈના મનોવિશ્વમાં સંઘરાતા ગયા, જેણે ઘણી ઊંડી છાપ તેમના મનમાં ઉપસાવી. દસમા ધોરણ સુધી શાળાનો અભ્યાસ ગામમાં કર્યા પછી મૅટ્રિક માટે ડભોઈની શાળામાં જોડાવાનું બન્યું. મેટ્રિક બીજા પ્રયત્ને પાસ કર્યું. ત્યાર પછી તેમનું આખું કુટુંબ પણ વડોદરા આવીને સ્થાયી થયું. ધીરુભાઈને મઝા આવતી આર્ટ્સના વિષયોમાં, આથી તેઓ આર્ટ્સમાં જોડાયા, પણ પરીક્ષાનો ભારે કંટાળો. બી.એ. થયા. તેમને ખબર પડી કે એમ.એસ.ડબલ્યુ.ના કોર્સમાં પરીક્ષા આપવાની હોતી નથી. આ કારણે તેમણે બી.એ. પાસ કર્યા પછી આ કોર્સમાં પ્રવેશ મેળવ્યો. અહીં તેમની પ્રતિભા ઝળકી ઊઠી, કેમકે તેમને મનગમતા વિષયો હતા અને છતાં તેને પરીક્ષા માટે યાદ રાખવાનું ભારણ નહોતું.

આ અરસામાં તેમના જીવનમાં એવી ચાર વ્યક્તિઓનો પ્રવેશ થયો, જેમણે પોતપોતાની રીતે ધીરુભાઈનું માનસઘડતર કરવામાં મહત્ત્વનું પ્રદાન કર્યું. એ હતા તેમના મિત્ર બનેલા નીતિન ત્રિવેદી, બીજા સોશિયોલૉજી વિભાગના વડા આઈ.પી.દેસાઈ, ત્રીજા હતા રજની કોઠારી, જેમની સાથે તો તેમની કારકિર્દી પણ સંકળાઈ અને ચોથા હતા પ્રો. રાવજીભાઈ પટેલ (મોટા). 'મોટા'ને ઘેર દર અઠવાડિયે નિયમિતપણે વિવિધ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ એકઠા થતા અને અનેક મુદ્દાઓ પર સઘન ચર્ચા કરતા. આ અનૌપચારિક સંગઠનનું નામ હતું 'રેનેસાં ક્લબ'. 'રેનેસાં ક્લબ'ની વાત જ ઓર હતી. અહીં કૉમર્સમાં ભણતા ધવલ મહેતા, મેડિસિનમાં ભણતા પ્રકાશ દેસાઈ, પોલિટિકલ સાયન્સ ભણાવતા તેજસ્વી પ્રોફેસર રજની કોઠારી, ભીખુભાઈ પારેખ વગેરે વિવિધ શાખાઓના લોકો મળતા. વિવિધ મુદ્દે વાદવિવાદ, તર્ક તેમજ ચર્ચાઓની એવી રંગત જામતી કે ત્રણ-ચાર કલાક ક્યાંય પસાર થઈ જતા અને માનસમાં એક નવી જ સમજણનો ઉઘાડ થઈ જતો.

ચાર-પાંચ વરસનો આ સમયગાળો ધીરુભાઈના જીવનમાં બહુ નિર્ણાયક બની રહ્યો. આ અરસામાં જ તેમને અભ્યાસક્રમના સામાજિક અધ્યયનના ભાગ રૂપે મહુવા જવાનું બન્યું. ત્યાં રહીને અનેક લોકોના સંપર્કમાં તે આવ્યા. આ અનુભવ તેમની કારકિર્દીમાં મહત્ત્વનો બની રહ્યો. આ વરસોમાં તેમને એવું વિચારભાથું મળ્યું અને આત્મવિશ્વાસનો એવો સંચાર થયો કે આગળ જતાં પોલિટિકલ સોશિયોલૉજિસ્ટ તરીકેની નામના તેમને મળી અને દુનિયાના કેટલાય દેશોમાં જવાનું બન્યું, ત્યારે તેઓ પોતાની આગવી મુદ્રા વિશ્વભરમાં ઉપસાવી શક્યા.

એમ.એસ. ડબલ્યુ. થયા પછી વડોદરાની કૉલેજમાં તેમને પ્રાધ્યાપક તરીકે નોકરી મળી. હવે કંઈક નવું અને મનગમતું કરવાની ઇચ્છા પૂરી થશે એમ લાગ્યું. એ અગાઉ યુનિવર્સિટીની આંતરિક ખટપટોથી તંગ આવીને રજની કોઠારી વડોદરા છોડીને મસૂરી ગયા હતા. ત્યાં તેમને એક પ્રોજેક્ટની ઑફર મળી હતી અને તેમણે દિલ્હીમાં 'સેન્ટર ફોર સ્ટડી ઑફ ડેવલપિંગ સોસાયટીઝ' (સી.એસ.ડી.એસ.) શરૂ કરવાનો વિચાર કર્યો. તેમણે ધીરુભાઈને જોડાવા માટે નિમંત્રણ આપ્યું. ધીરુભાઈ રાજીનામું મૂકીને સીધા ઉપડી ગયા દિલ્હી. તેમને આ રીતે પોતાને ભરોસે બધું છોડીને આવેલા જોઈને રજની કોઠારીને પણ આશ્ચર્ય થયું, કેમકે, અમેરિકા, યુગોસ્લાવિયા, પોલૅન્ડ અને ભારતનો આ સંયુક્ત પ્રોજેક્ટ ત્રણ વરસ સુધી ચાલવાનો હતો. ત્યાર પછી? અલ્લા જાને ક્યા હોગા આગે!

એ પ્રોજેક્ટ સંપન્ન થયો. સેન્ટર ચાલુ રહ્યું. ધીમે-ધીમે તેની પ્રતિષ્ઠા એવી ઘડાઈ કે નવાં-નવાં અધ્યયનો થતાં જ ગયાં. એ મુજબ સેન્ટરનું કાર્યક્ષેત્ર વિકસતું અને વિસ્તરતું ગયું. સમયાંતરે જરૂર મુજબ નવી-નવી પ્રતિભાઓ સેન્ટર સાથે જોડાતી ગઈ, જેમાં આશિષ નંદી, સુધીર કક્કડ, બશ્રીરુદ્દીન અહમદ, રામાશ્રય રાય, ડી.આર.નાગરાજ, ગિરિ દેશિંગકર, યોગેન્દ્ર યાદવ. પીટર ડિસોઝા, રાજીવ ભાર્ગવ, અભય દુબે વગેરે વિભિન્ન ક્ષેત્રના લોકો હતા. સેન્ટર કોઈ વ્યક્તિકેન્દ્રી નહોતું. બલકે, દરેક હોદ્દેદાર પોતાની રીતે નિર્ણય લેવા માટે સ્વતંત્ર હતા. આને કારણે સમગ્ર વાતાવરણમાં હકારાત્મકતા, પરિણામલક્ષીપણું અને સ્વતંત્રતાની જબરદસ્ત હવા ઊભી થઈ. એમ તો ધીરુભાઈ આગળ જતાં તેના ડાયરેક્ટરપદે પણ નિમાયા. છતાં તેઓ કહેતા એમ, 'સેન્ટર સાથે સંકળાયેલી હરેક ફૅકલ્ટી ડાયરેક્ટર જેવી જ ગણાતી.'

ધીરુભાઈનો મૂળભૂત અભિગમ કારકિર્દીલક્ષી ક્યારેય હતો જ નહીં. સ્વૈરવિહારીપણે કામ કરવું તેમને વધુ પસંદ હતું. છેક સુધી તેમનો આ અભિગમ જળવાઈ રહ્યો. તેમાં તેમનાં વિદુષી પત્ની ડૉ.સુરભિબહેનનો સહકાર મહત્ત્વનો ગણી શકાય. તેમનું ૨૦૧૭માં અવસાન થયું. પોતાનાં બંને સંતાનોનો ઉછેર તેમણે એટલી જ સહજતાથી કર્યો. મરજી મુજબની કારકિર્દી પસંદ કરવાની તેમને સ્વતંત્રતા આપી. તેમનો પુત્ર પત્રકારત્વના ક્ષેત્રે છે અને 'બિઝનેસ વર્લ્ડ' સાથે સંકળાયેલો છે. પુત્રી સોહા મોઇત્રા બાળઅધિકારના ક્ષેત્રે કાર્ય કરતી પ્રસિદ્ધ સંસ્થા 'ક્રાય' (ચાઇલ્ડ રાઇટ્સ ઍન્ડ યુ) નું રિજિયોનલ ડાયરેક્ટર પદ શોભાવે છે.

દુનિયાના કેટલાય દેશોમાં ધીરુભાઈને જવાનું બનતું અને વિવિધ ભાષા, સંસ્કૃતિ અને સ્તરના લોકો સાથે વૈચારિક આદાનપ્રદાન કરવાનું થતું. પણ આ તમામ વખતે કોઈ પણ મુદ્દાને મૂળમાંથી સમજવા માટે પોતાની ગ્રામીણ પૃષ્ઠભૂમિનો અનુભવ ભારે ખપમાં લાગતો. કોઈ પણ બાબતે માત્ર બ્લૅક અને વ્હાઇટ જ (એકરંગી) નહીં, પણ તેની વચ્ચે રહેલા અનેક ગ્રે શેડ પ્રત્યે તેઓ ધ્યાન દોરતા. પોતાના દૃષ્ટિકોણની રજૂઆત મુઠ્ઠી પછાડીને કે જોરશોરથી બોલીને નહીં, પણ ધીમેથી છતાં મક્કમતાપૂર્વક કરતા હોવાથી સાંભળનાર સુધી તે યોગ્ય રીતે પહોંચતી. એવું જ તેમના લેખોનું. તેમના અભ્યાસલેખો વિશ્વના પ્રસિદ્ધ સામયિકોમાં અવારનવાર પ્રસિદ્ધ થતા, તેમ અનેક અભ્યાસલક્ષી પુસ્તકોમાં પણ સ્થાન પામતા રહેતા. બૌદ્ધિક જગતના અત્યંત પ્રતિષ્ઠિત અને વિશ્વપ્રસિદ્ધ સામયિક 'ઑલ્ટરનેટિવ્ઝ જર્નલ'નું તેમણે બે દાયકા કરતાં વધુ સમય સુધી સંપાદન કર્યું. 'સિટીઝન્સ ઍન્ડ પાર્ટીઝ' (આશિષ નંદી સાથે), 'ધ મલ્ટિવર્સ ઑફ ડેમોક્રેસી', 'માઇનોરિટી આઇડેન્ટિટીઝ ઍન્ડ ધ નેશન-સ્ટેટ' (ગુરપ્રીત મહાજન સાથે) તેમજ 'વૅલ્યૂઝ ઍન્ડ ધ ઍક્ટિવ કમ્યુનિટી' જેવાં ચાર અભ્યાસપૂર્ણ પુસ્તકો પણ તેમના નામે છે. અભયકુમાર દુબે દ્વારા સંપાદિત 'સત્તા ઔર સમાજ'માં વિવિધ મુદ્દાઓ અંગેના ધીરુભાઈના દર્શનને દીર્ઘ વાતચીત સ્વરૂપે મૂકવામાં આવ્યું છે.

'મોટે ભાગે થાય છે એવું કે સમાજવિજ્ઞાન વિષેની આપણી સમજ પશ્ચિમ પાસેથી ઉછીની લેવાયેલી છે, તેથી તેના ઉકેલ પણ એ દૃષ્ટિથી જ વિચારાય છે. કોઈ માને કે ન માને, પણ હકીકત એ છે કે મોટે ભાગે આવા તૈયાર ઉકેલ જેમાં ફિટ બેસી જાય એ જ દૃષ્ટિકોણથી સમસ્યાને

જોવામાં આવે છે કે તેને ઊભી કરવામાં આવે છે.' આમ માનતા ધીરુભાઈ કોઈ પણ રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય ચર્ચા, મિટિંગ કે સેમિનારમાં સંબંધિત વિષય પર પોતાનું આગવું દૃષ્ટિબિંદુ એ રીતે રજૂ કરતા કે સૌની સમક્ષ એક નવા જ પાસાનો ઉઘાડ થતો. આથી સેમિનાર પૂરો થાય એટલે ધીરુભાઈએ પશ્ચિમની કઈ યુનિવર્સિટીમાંથી સોશિયલ સાયન્સનો અભ્યાસ કરેલો, એ સવાલ સૌના મનમાં પેદા થયા વિના રહેતો નહીં. ધીરુભાઈ આના જવાબમાં હસતાં-હસતાં જણાવતા, 'મોજે ગામ બહાદરપુર યુનિવર્સિટીનો હું વિદ્યાર્થી છું.' આ સાંભળીને સામેવાળો મૂંઝાય, કેમકે તેણે તો 'ઑક્સફર્ડ' કે 'યેલ' અથવા 'કૅમ્બ્રિજ' કે 'હાર્વર્ડ' જેવા જવાબની અપેક્ષા રાખી હોય. તેને બદલે આ નવી યુનિવર્સિટી કઈ ?

પોતાનાં નિરીક્ષણો, તારણો, અભ્યાસ-લેખો, સંશોધનપત્રો થકી કેવળ રાષ્ટ્રીય જ નહીં, આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ ધરાવતા આ અગ્રણી સમાજવિજ્ઞાની પોતાની કાર્યપદ્ધતિ અંગે કહે છે, 'તેને 'સ્લીપવૉકિંગ' કહી શકાય, કેમકે મેં કદી કોઈ ધ્યેય નજર સામે રાખીને કામ કર્યું નથી. મને જેમાં રસ પડે એ હું કરતો ગયો, આગળ વધતો ગયો અને માર્ગ ખૂલતો ગયો. '

★★★★ ★★★★ ★★★★

'ડી.એલ.શેઠ' તરીકે ઓળખાતા ધીરુભાઈ સાથે મારો પરિચય બિપિનભાઈ શ્રોફ  દ્વારા થયેલો. વડોદરાના વિચારક રાવજીભાઈ પટેલ 'મોટા'ના જીવન વિશે પુસ્તક લખવાનું મને સોંપાયું એ પછી મોટાની 'રેનેસાં ક્લબ' સાથે સંકળાઈ ચૂકેલા લોકોની દીર્ઘ મુલાકાત અમે લેતા હતા. એમાં બે નામ વારેવારે કાને પડતાં, અને એ બેય દિલ્હીનાં હતાં. એક રજની કોઠારી અને બીજા ધીરુભાઈ શેઠ.

એવામાં સમાચાર મળ્યા કે ધીરુભાઈ વડોદરા આવેલા છે. બિપિનભાઈ સાથે મેં એમની મુલાકાત લીધી. એ વખતે ખબર પડી કે વડોદરામાં તેમનું મકાન છે અને તે વડોદરા લાંબું રોકાણ કરવાના છે. તેમનાં પત્ની સુરભિકાકી પણ હતાં. ધીરુભાઈનો ઇન્ટરવ્યૂ કદાચ સૌથી અઘરો હતો. કેમકે, તે કોઈ પણ પ્રશ્નનો જવાબ વિસ્તારથી આપતા. ઇન્ટરવ્યૂનું ઑડિયો રેકોર્ડિંગ થતું હતું, એટલે મને રાહત હતી, નહીંતર તેમના ઘણા શબ્દો મારા માટે નવા હતા. એ ઇન્ટરવ્યૂ લઈને અમે બહાર નીકળ્યા પછી બિપિનભાઈને મેં કહ્યું, 'આ કાકા બહુ કડક છે. એમની પાસે વાત કઢાવવી મુશ્કેલ પડે.' એ ઇન્ટરવ્યૂની મેં ટ્રાન્સક્રિપ્ટ કરી અને ધીરુભાઈને એ આપવા ગયો, એ અમારી બીજી મુલાકાત.

એ પછીની મુલાકાતોની ગણતરી રાખવાનું છોડી દેવું પડ્યું. મારા ઘરથી સાવ નજીક હોવાને કારણે અમે અઠવાડિયે ત્રણેક વાર તેમને ત્યાં જવા લાગ્યા. સામાન્ય રીતે તે દિલ્હીમાં શિયાળો બેસે એટલે વડોદરા આવી જતા અને પછી ત્રણ-ચાર મહિના રોકાતા.

તે વડોદરા હોય ત્યારે સાંજે પરવારીને સાડા નવ-દસે હું અને મારી પત્ની કામિની સાઇકલ લઈને એમને ત્યાં ઊપડતાં. એ દોઢ-બે કલાકમાં કંઈ કેટકેટલા વિષયો આવતા. એ રસોઈની, રેસિપીની કે બીજી કોઈ પણ વાત કરતા અને એકદમ રસપૂર્વક. ઘણી મજાકમસ્તી ચાલતી રહેતી,અને વાતો પણ. કોઈ પણ મુદ્દાને જોવાની એમની રીત આગવી. ગુજરાતના સાંપ્રત પ્રવાહોમાં એમને ઊંડો રસ. અમારી વાતોમાં એ ઉપરાંત અનેક બાબતો આવતી. 'ન્યાતભોજનની વાનગીઓ' અમારા ચારેયનો સામાન્ય રસ. એની વાત, એની આસપાસનું વાતાવરણ અને ધીરુભાઈ દ્વારા એનો સમાજવૈજ્ઞાનિક દૃષ્ટિકોણ – આ બધું ભેગું થાય એટલે એ વાનગીઓ ચાખ્યા જેવો જ સ્વાદ આવતો.

ધીરુભાઈનો દૃષ્ટિકોણ બૌદ્ધિક. એટલે તે દરેક બાબતને એક ઊંચાઈએથી જોતા. પહેલી મુલાકાત થકી ઉપસેલી તેમની છાપ તો ક્યારની ભૂંસાઈ ગઈ અને એક જુદી જાતની આત્મીયતા સ્થપાતી ગઈ. 'અહા! જિંદગી' માસિકમાં મારી 'ગુર્જરરત્ન' કૉલમ ચાલતી ત્યારે મેં એમના વિશે લખવાનો ઇરાદો વ્યક્ત કર્યો. સંપાદક દીપક સોલિયાએ મંજૂરી આપી. પણ ધીરુભાઈની જવાબ આપવાની શૈલીથી હું પૂરો પરિચિત, એટલે મેં તેમને મારા બે એક લેખ વાંચવા આપ્યા, જેથી મારી જરૂરિયાત શી છે, એ તેમને ખ્યાલ આવે. આ રીત બહુ કારગર નીવડી.

એ પછી રજની કોઠારીનું અવસાન થયું ત્યારે ધીરુભાઈ અને સુરભિકાકી વડોદરામાં હતાં. મારી 'ગુજરાતમિત્ર'ની કૉલમ માટે રજની કોઠારી વિશે લેખ લખવાનો હતો. તેમને કોઠારીના અવસાનનો ઘણો શોક હતો, છતાં એ લેખ માટે મને ઘણી માહિતી પૂરી પાડેલી, તેમજ માહિતીને ચકાસી પણ આપી.

ધીરુભાઈના કાર્યનાં વ્યાપ, પ્રમાણ અને પ્રભાવ જોયા પછી લાગે કે કારકિર્દીની ઘેલછા ધરાવતા દરેક માબાપ પોતાનાં સંતાનોને આવું 'સ્લીપવૉકિંગ' કરવા દે તો?

## સ્વપ્નભ્રમ, સ્વપ્નભંગ / ઉમેશ સોલંકી

તળાતો જાણે છેવટ લગ પહોંચ્યો નગરની
અડીને રસ્તાને કલરવ ભરી છાંય દરશી
થઈ ઊંચાંનીચાં પરણ હલતાં ડાળ હલતી
થડે બેઠો ટેકે નયન પર લીલાશ ઠરતી

લિસું થૈ અંધારું વિધવિધ અનોખા રવ કરે
નદીના કાંઠાએ લલિત પનિહારી જળ ભરે
તહીં કોઈ નારી સુરરસભર્યું ગોરસ ભરે
જરી રાતા હાથે મધુર રવ આંદોલન કરે.

લપાતી સંધ્યાએ વિહગ-ગણ થૈ લોક વળતું
કને ઊડે આઘે ત્વરિત લયમાં તેજ સરતું
હતો નેળા વચ્ચે રણકઝણ ગાયો પણ ગઈ
અને કાયા મારી રસિક લયથી ગોરજ થઈ.

થયું શું ત્યાં તો આ તરત ઝબકી માંડ ફરકી
ધુમાડો ફેલાયો નજર બનવા આંખ મથતી.

## અજય પાઠક / તંત્રી, ડંકેશ ઓઝા

*છેલ્લાં વર્ષોમાં અજય પાઠકની ઓળખ ડંકેશભાઈએ નોંધ્યું છે તેમ– અને મેં અજયસિંહ ચૌહાણની આ અંગેની (કદાચ સર્વપ્રથમ) મુખટપાલ (ફેસબુક પોસ્ટ)માં પણ જોયું તેમ - હેવાલલેખક તરીકે સતત સામે આવતી રહી, પછી તે અસ્મિતા પર્વ હોય કે પરિસદ સત્ર. જોકે અજય વિશે મારી શરૂઆતની સાંભરણ અને સળંગ છાપ એક સહૃદય સમીક્ષક વ્યક્તિત્વની. પાંચેક દાયકા પર પહેલીવાર મળવાનું થયું ત્યારે સ્ટેટ બેંક ઑફ સૌરાષ્ટ્રની અમદાવાદ શાખામાં બદલી થઈ આવેલા એ 'નિરીક્ષક'ના લેખકની શોધમાં હતા. પછી તો, તરતમાં, હું 'વિશ્વમાનવ'ના સંપાદનમાં સંકળાયેલો અને એમાં અજયે કાન્ત વિશે કોઈ મુદ્દો કર્યો હશે તેથી ખેંચાઈ ઑફ ઑલ ધ પર્સન્સ મુ. નગીનદાસ પારેખે મને પરિચયપૃચ્છા કર્યાનું સાંભરે છે. થોડા વખત પર વાત થઈ (હજુ ૨૪મી એપ્રિલે તો એમણે ટૂંકાક્ષરી મુખટપાલ મૂકેલી કે 'ઠીક છે.') ત્યારે ઈશ્વરલાલ ર. દવે વિશે વિગતે લખવા માટે સામગ્રી એકત્ર કર્યાનું કહેતા હતા. ઈ.ર.દ.ના છાત્ર તરીકે એક અભ્યાસીની હૈયાઉલટ એ હતી. આ સંદર્ભમાં સુદીર્ઘ અભ્યાસલેખ કરવો, પરિષદ-વ્યાખ્યાન તૈયાર કરવું ને 'નિરીક્ષક' લાયક નોંધ એવી ત્રિવિધ હોંશ એમને હવેના મહિનાઓ માટે હતી. પરિષદ પરત્વે કોઈ મહત્ત્વાકાંક્ષી ગોઠવણ વગર સ્વયંસેવી સંપૃક્તતા એ એમનો વિશેષ હતો. વિષમ સંજોગોમાં મંત્રી તરીકેનું દાયિત્વ આવ્યું તો વિવિધ વ્યાખ્યાન આયોજનનો આખો બૅકલૉગ એમણે એવો તો સુપેરે પાર પાડી આવ્યો હતો કે... ગમે તેમ પણ, વ્યક્તિગત સ્નેહસંબંધ ઉપરાંત 'નિરીક્ષક'ના ૧૯૬૮થી સળંગ વાચક તરીકે તે શું વિચારે છે, શું સૂચવે છે એનું મને હંમેશ ખેંચાણ રહ્યું એ આ ક્ષણે વિશેષરૂપે સંભારું છું.*

***તંત્રી***

અજય પાઠક, ભાવનગરના પ્રશ્નોરા નાગર અને નિવૃત્ત અધિકારી, સ્ટેટ બૅંક ઑફ સૌરાષ્ટ્ર.ઍંસી આસપાસની ઉંમરે આઠમીને શનિવારે કોરોનાગ્રસ્ત થઈને શહેરની સર તખ્તસિંહજી હૉસ્પિટલમાં અવસાન પામ્યા. સાહિત્યવ્યાસંગી અને કલાનુરાગી એવા અજય પાઠક છેલ્લાં વર્ષોમાં સાહિત્ય પરિષદનાં અધિવેશન અને જ્ઞાનસત્ર તથા સદ્‌ભાવનાપર્વના અહેવાલલેખનકાર તરીકે ઘણાને યાદ આવશે.

બૅંકના અધિકારી હોવા છતાં એમનો સાહિત્યરસ પાકો અને ઊંડો હતો. યશવંત દોશીના પુસ્તક સમીક્ષાના માસિક 'ગ્રંથ'ના શરૂઆતનાં વર્ષોના અંકોમાં તેઓ ટૂંકાં અવલોકનો લખતા. પાછળના એમના લાંબા અહેવાલોના સંદર્ભમાં આ નોંધવા યોગ્ય લાગે છે. પરિષદની મધ્યસ્થસમિતિમાં તો જીવનનાં છેલ્લાં વર્ષોમાં તેઓ ઉમેદવારી કરતા રહ્યા. ક્યારેક ચૂંટાયા-હાર્યા અને તત્કાળપૂરતો મંત્રીનો હવાલો સોંપાયો, ત્યારે પરિષદ વ્યાખ્યાનમાળાના આયોજનમાં મોટી ઉંમરે પણ નાનાં કેન્દ્રો સુધી દોડીને તેમણે સારું કામ બજાવ્યું. પરિષદના અધિવેશનમાં અને જ્ઞાનસત્રોમાં તેઓ છેક ૧૯૬૦થી લગભગ નિયમિતપણે જતા.

'નિરીક્ષક', 'વિ. વિદ્યાનગર', 'સદ્‌ભાવના ફોરમ', 'પરબ' વગેરેમાં તેઓ લખતા રહ્યા. યાદ આવે છે દક્ષાબહેન પટ્ટણી વિશે તેમણે 'નિરીક્ષક'માં જે અંજલિલેખ લખેલો તે પછીથી 'નવનીત સમર્પણ'માં પણ પુનર્મુદ્રિત થયેલો. અંજલિલેખો લખવા એ અહેવાલ લેખનની જેમ એમનું મનગમતું કામ હતું. આશ્ચર્યજનક રીતે તેઓ ફેસબુક ઉપર પણ સક્રિય હતા. ત્યાં પણ ટૂંકી સ્મૃતિઅંજલિ મૂકવામાં તેમને આનંદ આવતો.

વયોવૃદ્ધ માતાપિતાની આનંદથી સેવા કરી, જ્યારે તેમની પોતાની ઉંમર અને તબિયત સેવા લેવાની હકદાર હતી. સાંભળ્યા મુજબ, એમની દીકરી શૈલા તેઓ હૉસ્પિટલમાં માંદગી બિછાને હતા ત્યારે અવસાન પામી, જેના સમાચાર પણ તે સમયે અજયને આપી શકાય તેમ ન હતા. બીજી દીકરી હેમા ભાવનગર જ છે. હવે રંજનબહેને આ બધું સંભાળવું રહ્યું.

શામળદાસ કૉલેજ, ભાવનગરમાં અભ્યાસ કર્યાનું તેમને ગૌરવ હતું. કોઈ અધ્યાપક લાંબી રજા પર હોય કે જગ્યા ખાલી રહી હોય, ત્યારે આપદ્‌ધર્મ, તરીકે તેમણે અધ્યાપનકાર્ય પણ કર્યું, જેનો તેમને અનહદ આનંદ હતો. ભાવનગરની 'ગદ્યસભા' સહિતની જે કોઈ સાહિત્યિક પ્રવૃત્તિઓ હોય તે સાથે તેમનો લગાવ કાયમી રહ્યો. વ્યવસ્થિત રીતે અધ્યયન કરવું, વાંચતાં રહેવું એ તેમની શિસ્ત હતી. વિનોબાના રમેશ સંઘવી સંપાદિત પંચામૃત સંપુટનું અત્યારે તેઓ અધ્યયન કરી રહ્યા હતા. તે અંગે લખાય અને છપાય એવી મોકળાશની શોધમાં હતા.

મારો અજય સાથેનો પરિચય દિલીપ ચંદુલાલને કારણે. તેઓ પ્રકાશભાઈ, હરિકૃષ્ણ પાઠક, માધવ રામાનુજ વગેરેના અંતરંગ પરિચયમાં હતા. પછી તો એમાં ઘણા ઉમેરાયા, ગુરુકુળ મહુવા ખાતે મોરારિબાપુના સાંનિધ્યમાં કાર્યક્રમોમાં સામેલ થવું એમને ખૂબ ગમતું. ત્યાં સવારની વહેલી અને પહેલી ચા સાથે જે ચર્ચાઓ ચાલતી તે પણ હવે સ્મૃતિશેષ. વિજય પંડ્યા, સતીશ વ્યાસ, અજય અને અમે ચાય પે ચર્ચાનો જે આનંદ લૂંટ્યો છે, એ તો માત્ર અમારો જ. સ્મરણસ્થ અજય પાઠક ભુલ્યા ભુલાય તેમ નથી. મારી આદરાંજલિ.

અડાલજ-૩૮૨૪૨૧

---


### ગ્રાહકોને

- આપનું રેપર જોશો તો લવાજમ ક્યારે પૂરું થાય છે એ જોઈ રિમાન્ડરની રાહ જોયા વગર રિન્યુઅલ કરી શકશો.
- વાર્ષિક લવાજમ રૂ. ૨૦૦ : 'નિરીક્ષક પ્રકાશનને નામે **C/o.** શાર્દૂલ પ્રિન્ટિંગ પ્રેસ, બેઝમેન્ટ, રંભા કોમ્પ્લેક્સ, ગૂજરાત વિદ્યાપીઠની સામે, આશ્રમ માર્ગ, અમદાવાદ-૩૮૦૦૧૪ ના સરનામે ડ્રાફ્ટ, ચેક, એમ.ઓ.થી અગર રૂબરૂ ભરી શકાશે.
- બૅંકમાં ડાઈરેક્ટ પેમેન્ટ માટે નિરીક્ષક પ્રકાશન, ખાતા નં. **10111977055**, એસબીઆઈ, ઝેવિયર્સ હાઈસ્કૂલ રોડ, ૧, અક્ષર આર્કેડ, મેમનગર ફાયર સ્ટેશન સામે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૧૪ **SBIN0003092** : ભર્યા પછી ઇ-મેલ (prakash.nireekshak@gmail.com) અગર વૉટ્સ અપ/ એસએમએસ (૦૯૮૭૯૯૧૯૪૨૧)થી સરનામા સહિતની વિગતે ખબર આપો.

## અભિવ્યક્તિની આ રૂંધામણ : ટોળાં દ્વારા / અહમદ 'ગુલ'

ઓપિનિયનની રજતજયંતીના શુભ અવસરે વિપુલભાઈ, પંચમભાઈ અને ઓપિનિયનને સહકાર આપનારાં તમામ ભાઈઓ અને બહેનોને અભિનંદન પાઠવતાં આનંદ અનુભવું છું.

ઓપિનિયનમાં અભિવ્યક્તિની રૂંધામણ જેવા મુદ્દાઓ સતત ચર્ચામાં રહ્યા છે. ભારત સંદર્ભે વાત કરીએ તો, સરકાર અને વહીવટીતંત્ર દ્વારા થતી અભિવ્યક્તિની રૂંધામણ હવે જગજાહેર છે. ફ્રીડમહાઉસના અહેવાલ અનુસાર, ભારતમાં પ્રેસફ્રીડમ ઉપર સતત આક્રમણ થાય છે. સરકાર આ માટે સંરક્ષણ (securty), બદનક્ષી (defamation), સત્તા સામે વિદ્રોહ (sedition) અને ન્યાયતંત્રનો અનાદર (contempt of court) જેવા કાયદાઓનો હથિયાર તરીકે ઉપયોગ કરે છે. પત્રકારોની કનડગત થાય છે. મોતની ધમકીઓ અપાય છે. એમના પર હુમલા થાય છે અને ક્યારેક રહેંસી નંખાય છે. ૨૦૧૭માં ચાર અને ૨૦૧૮માં પાંચ પત્રકારોની હત્યા થઈ આને કારણે અહેવાલમાં ભારતને સ્વતંત્ર સમાજોના ક્રમમાં નિમ્ન કક્ષાએ ઉતારાયું, અને આંશિક રીતે સ્વતંત્ર(partly free)નું લેબલ ચોંટાડાયું.

સ્વીડનની 'વિ-ડેમ ઇન્સ્ટિટ્યૂટ'ની નોંધ અનુસાર ભારતમાં 'સમૂહ-માધ્યમોમાં, નાગરિકસ્વાતંત્ર્ય અને અભિવ્યક્તિની આઝાદી પરનો કાપ ચરમસીમાએ છે.' દેશમાં ચૂંટાયેલી સરકાર ખરી, પણ આ બધા અંકુશોને કારણે આ અહેવાલે ભારતના લમણે 'electoral autocracy'ની કાળી ટીલી ચોંટાડી.

જગહસાઈનું વધુ એક પ્રમાણ જોઈતું હોય તો ઇકોનૉમિસ્ટ ઇન્ટેલિજન્સ યુનિટ(EIU)ના અહેવાલમાં ભારતની લોકશાહીને 'તકલાદી લોકશાહી' [Flattened Democracy] તરીકે ઓળખાવાઈ.

પરન્તુ, મારી દૃષ્ટિએ અભિવ્યક્તિના સ્વાતંત્ર્ય ઉપર સરકારી અંકુશ કરતાં પણ વધુ ભયાવહ છે ટોળાંનું આક્રમણ, સમૂહમાધ્યમો ઉપર ટોળાંનું આક્રમણ. સમૂહમાધ્યમો ઉપર જાણે ટોળાંનું નિયંત્રણ [censorship] છે. શું બોલાય શું ન બોલાય - દાખલા તરીકે, તમે અસહિષ્ણુ છો એવું ન બોલાય - શું લખાય શું ન લખાય, શું દર્શાવાય શું ન દર્શાવાય, શું પહેરાય શું ન પહેરાય, શું ખવાય શું ન ખવાય, એ સમાજના દબંગો નક્કી કરે છે. આ 'પવિત્ર' હુકમનામાને ન અનુસરનારાને તેઓ ડારે છે, ધમકાવે છે, ભાંડે છે, ધક્કે ચડાવે છે ને ક્યારેક તો મારી પણ નાંખે છે. ગયે મહિને મધ્યપ્રદેશના છત્તરપુરમાં રાષ્ટ્રીય કક્ષાનો ડ્રામાફેસ્ટિવલ કેટલાક સમૂહો તરફથી હિંસક વિરોધની ધમકીને લીધે રદ થયો.

આવા સમૂહો 'વિજલેન્ટી' કહેવાય છે, અર્થાત્ સ્વ-નિયુક્ત વ્યક્તિઓ જે કોઈ પણ પ્રકારની કાયદેસરની સત્તા વગર સમાજ પાસે કાયદાનું પાલન કરાવવાનું પોતાના હાથમાં લે છે. પરિસ્થિતિ એટલી વણસી છે કે, આવા સમૂહો પોતાના કાયદા ઘડે છે અને તેનું પાલન ન કરનારને સજા કરે છે. આવાં તત્ત્વોની શિરજોરીને લીધે ફિલ્મનિર્માતા, નાટ્યકારો, લેખકો, કવિઓ, હાસ્યકલાકારો, પત્રકારો અને દૂરદર્શનવાળા છળી ગયા છે. ફૂંકી-ફૂંકીને ડગ માંડે છે. અભિવ્યક્તિ ઉપર આવાં માથાભારે તત્ત્વોનો અંકુશ છે. મીડિયાવાળા એમની ખુશી-નાખુશીને ધ્યાનમાં રાખી વર્તે છે. પરિણામે સમૂહમાધ્યમોની વિશ્વસનીયતા જોખમાય છે. સમાજમાં માહિતી અને વૈચારિક આદાનપ્રદાનનો ઢોંગ ચાલતો રહે છે. ખલીલ ધનતેજવીનો શેર છેઃ

**જો હુઆ થા વહ તો અખબાર મેં છપા હી નહીં,**

**ઔર જો છપ ગયા ઐસા તો કુછ હુઆ હી નહીં.**

તથ્યોને સંતાડવાં, માહિતીને મચડીને વિકૃત કરવી, ગાઈવગાડી ખોટી માહિતી [misinformation] ફેલાવવી - આ બધું સામાન્ય બની જાય છે અને પ્રજાજનોના કોઠે પડી જાય છે.

અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય હોય એવા મુક્ત સમાજમાં સમૂહમાધ્યમો દ્વારા માહિતીનો પ્રસાર થાય અને વૈચારિક આદાનપ્રદાનથી જનમાનસનું ઘડતર થાય, પણ હવે ટોળાંશાહીની જોહુકમીને પરિણામે આ પ્રક્રિયા અવરોધાય છે. મૂઢ ટોળાંએ હઈશો-હઈશો કરી લોકશાહીના આ ચોથા સ્તંભને હચમચાવી દોદળો કરી નાંખ્યો છે.

આ પ્રશ્ન માત્ર અભિવ્યક્તિની રૂંધામણનો જ નથી. મૂળ પડકાર છે, અભિવ્યક્તિના સ્વાતંત્ર્યને પુનઃસ્થાપિત કરી, પંગુ લોકશાહી[Flawed Democracy]ને પગભર કરવાનો.

અભિવ્યક્તિની આ રૂંધામણ સામે પ્રત્યેક નાગરિકે અવાજ ઉઠાવવો રહ્યો, પછી એ અવાજ મોટો હોય કે નાનો.

મારા એક શેરથી સમાપન કરું છું :

**કેટલો પણ હોય નાનો, હોય જો સાચો અવાજ,**

**લોકના કાનો સુધી નિશ્ચિત પહોંચી જાય છે.**

27 James Street, BATLEY, West Yorkshire WF17 7PS [U.K.]

('રજત રાણ પડાવે ઓપિનિયન' અવસરે, અભિવ્યક્તિની રૂંધામણ ટાઢી પાડતી નાગરિક હિલચાલ નામક અવકાશી બેઠકમાં 'વાચકસભા' માંહેની રજૂઆત; રવિવાર, ૧૧ એપ્રિલ ૨૦૨૧)



## ખેડૂત આંદોલન વિશે / લાભુભાઈ ગ. પટેલ

સતત ત્રણેક મહિનાઓથી મુખ્યત્વે પંજાબ-હરિયાણાના ખેડૂતો વડે આરંભાયેલું, કેન્દ્ર સકારના કાનૂનો વિરૂધ્ધનું આ આંદોલન દેશની પ્રમુખ સાંપ્રત સમસ્યા બની બેઠું છે, સેંકડો ટ્રેક્ટરો અને ૧૨-૧૫ હજાર ખેડૂતો વડે દિલ્હી આસપાસના માર્ગો માઈલો સુધી જામ કરી દેવાયા હતા, અને હજુએ તેવી ધમકીઓ અપાવી ચાલુ છે. આંદોલનકારીઓ સાથેના સરકારના અગિયાર વાર્તાલાપો નિષ્ફળતાને વર્યા છે. સરકારનું કહેવું છે કે છેલ્લાં કેટલાંક વર્ષોથી ખેડૂતોના હિતરક્ષણ માટે ડૉ.સ્વામીનાથને સૂચવેલી ભલામણો, કે જેના અમલીકરણ માટે તમામ વિરોધપક્ષો પણ સહમત હતા,તેને જ આ કાનૂન દ્વારા અમલરૂપ અપાયું છે. છતાંયે જો કાનૂનોનો કોઈ હિસ્સો ખેડૂતોને પોતાના હિતમાં બાધક જણાતો હોય તો સરકાર તેને બદલવા તૈયાર છે. પરંતુ આંદોલનકારીઓની એકમાત્ર જકકી હઠ ત્રણે કાનૂનોને સંપૂર્ણપણે રદ કરવાની રહી છે.ત્રણે કાનૂનોની જોગવાઈઓ જોતાં તો તે સ્પષ્ટરૂપે નાના-મોટા તમામ ખેડૂતોના હિતની જણાય છે જેનો ઉલ્લેખ કરવા માત્રથી આંદોલનકારીઓ બચી રહ્યા છે ત્યારે તેમના હેતુ પરત્વે સંશય જાગે છે.

દુનિયા જાણે છે કે જગતાત કહેવાતી ખેડૂત આલમ આજ સુધી આર્થિક

અન્યાયનો ભોગ બનતી આવે છે. કાળજાંતૂટ મહેનત છતાં અસહ્ય આર્થિક બોજને પરિણામે તેણે આત્મહત્યા સુદ્ધાં કરવી પડી રહી છે. આ આંદોલન તેમના શોખનું નથી. મહિનાઓથી અગવડભરી સડકો પર જીવન વીતાવવું અતિ કષ્ટકારી છે.બાળકો,ઘરડાં,મહિલાઓ,બીમારો,બધાને સાથે રાખી શિયાળાની કાતિલ ઠંડીમાં, ક્યારેક વરસી જતા વરસાદમાં, ફુંકાતા પવનમાં ૧૨-૧૫ હજારની સંખ્યાએ ભીંસાતી ભીડમાં રહી ખાવું-પીવું, નહાવું-ધોવું, અને વિના લેટ્રીને કુદરતી હાજતો પાર પાડવી તે કેટલું નર્કાગારની યાદ અપાવે તેવું પશુતુલ્ય જીવન હોય છે! કઠોર હૃદયના માનવીને પણ તેમના પ્રત્યે ગહરી અનુકંપા ઉદ્‌ભવે, તે સહજ છે.પરંતુ આવી સહાનુભૂતિમાં ભળેલી કેટલીક તકસાધુઓની જમાતને યે ઓળખી લેવી જરૂરી છે. બધાનું તપ અતિ આકરું છે. પરંતુ ગલત હેતુપ્રાપ્તિ માટે કરાતી તપશ્ચર્યા યે હેતુને સાચમાં બદલી શકતી નથી.

જયારે કોઈ આવાં જનઆંદોલનો થાય છે ત્યારે રાજસત્તા પર આવવાનું એકમાત્ર ધ્યેય રાખનારા રાજકીય પક્ષો વગર આમંત્રણે ઘૂસી જાય છે. તેવાઓએ આ આંદોલનની શરૂઆતમાં પ્રજાને પીડનારાં રસ્તા રોકોવાળા ધરણાં, જાહેર મિલકતોને સળગાવવી, પોલીસના વ્યવસ્થાતંત્ર પર હિંસક હુમલાઓ કરવા જેવા વિરોધપક્ષો જયારે પણ સત્તા મળી છે,ત્યારેય તેમણે ખેડૂત આલમની ભરપૂર ઉપેક્ષા જ કરી છે. આંદોલનકારીઓને જયારે આ સમજાયું ત્યારે આંદોલનમાંથી તેમને દૂર કરાયા. છતાં યે તેની અસરથી હજુ આંદોલનમુકત નથી. નહિતર વિરોધપક્ષોએ મોદીને દૂર કરવાનો શીખવાડેલો નારો તેમને બંગાળના ચૂંટણી જંગ પ્રસંગે કોલકાતા ન ખેંચી જાત ! ત્રણે કાનૂનો રદ કરવાની વાત મોદીની સત્તાનો ઈન્કાર છે, જે પેલાએ શીખવાડેલો છે.

જયારે આ આંદોલનને ગાંધીબાપુના સત્યાગ્રહો જોડે સરખાવાય છે ત્યારે એ બન્નેની ભૂમિકાઓ વચ્ચેનો તફાવત સમજવો પડે તેમ છે. ગાંધી બાપુની સવિનય કાનૂનભંગની અહિંસક લડત પરદેશી-બ્રિટિશ હકૂમત સામેની હતી. પરદેશીઓના કાનૂનો જનહિતલક્ષી નહીં , અંગ્રજોનો પોતાના હિત તરફી ગુલામીને દ્રઢ કરનારા હતા. તેનો વિરોધ કરવો તે સ્વાતંત્ર્ય વીરોનો ધર્મ હતો.આજે આઝાદ ભારતના કાયદાઓ આમજનતાએ ચૂંટેલા પ્રતિનિધિઓની બનેલી વિધાનસભા અને પાર્લામેન્ટ નિશ્ચિત બંધારણીય રીતે ઘડે છે. તેમાંન કશાયે ફેરફાર બંધારણીય રીતો વડે જ થઈ શકે છે. કોઈ પણ કાયદો બદલવા જનમતને તેની તરફેણમાં લાવવો પડે છે અને વિધાનસભા મારફત જ ફેરફાર સંભવી શકે છે. જનહિતના કાયદા યે કોઈના અયોગ્ય અધિકારોને નિયંત્રણમાં લાવતા હોય છે.તેવો વર્ગ તો વિરોધમાં હોવાનો જ . શુ તેવા અહંવર્ગીય આંદોલનને તાબે થવાય?આવાં તોફાની આંદોલનો લોકશાહીનો જ ઈન્કાર છે. એમાંયે જો તે હિંસાનો આશરો લે, તો તે દેશદ્રોહી બને છે.

કેટલાંક વિચારપત્રોએ કાનૂનો માટેની જોગવાઈઓની કરેલી ચર્ચાઓ મારા વાંચવામાં આવી છે. તેમાં મોટેભાગે છેલ્લાં ચાલીશ વર્ષોથી ખેડૂતોની જે બેહાલી થતી આવી છે, તેનાં જ વર્ણનો કરાયાં છે. અને આ બધું કેમ જાણે આ નવા આવનારા કાનૂનોનો પ્રભાવ હોય તેવું ચિત્ર ઊભું કરાય છે. પણ આ કાનૂનોમાં આજ સુધી કરાએલા અન્યાયી કારનામામાંથી છૂટવાના ઉપાય છે, તે જોવાનું ઈરાદાપૂર્વક ટળાય છે. કાલ્પનિક કુર્તકો વડે આ કાનૂનોથી ખેડૂતોને કઈ રીતે નુકસાન પહોંચી શકે, તેનાં કપોલકલ્પિત વર્ણનો કરાય છે. આજ સુધીના કાનૂનોએ તેવું કર્યું હશે, આ કાનૂનો તેવા નથી. પણ દૂધનો દાઝેલો છાશ પણ ફૂંકીને પીએ છે. કેવા કેવા કુતર્કો લડાવાય છે, તેમાં એક દાખલો આપું.

ખેત ઉત્પાદનોની ખરીદીનાં સ્પર્ધાયુક્ત ક્ષેત્રો વધે તેમાં ખેડૂતોનું હિત છે. ખેડૂતોને માર્કેટિંગ યાર્ડમાં જ પોતાનો માલ વેચવો પડે, તો તેમાં છેતરાવાની સંભાવના વધુ છે. ક્યાં, કોને વેચવો તેની આઝાદી આ કાનૂનો આપે છે. તે સામે કહેવાય છે કે ખરીદી ક્ષેત્રમાં પ્રાઈવેટ સેક્ટરો (ખાસ તો અંબાણી-અદાણીના નામે ભડકાવાય) ઊંચા દામ આપી સંગ્રહખોરી કરશે. (આમાં જ ખેડૂતોનું હિત ન દેખાયું? પછી કેમ માની લીધું કે નવા વર્ષે નવો પાક બજારમાં નહીં આવે?) અને દુષ્કાળને કારણે માલની તંગી ઊભી થશે ત્યારે આ પ્રાઈવેટ સેક્ટરો બહુ ઊંચા દામ વસુલશે! હું નથી માનતો કે સંભવિત દુષ્કાળની રાહે સંગ્રહખોરો પોતાનો માલ બગડી જાય તે હદે સંગ્રહીને દેવાળું કાઢવાની મુર્ખાઈ કરે તેવા હશે. વળી સ્પર્ધાત્મક ખરીદીનું વિશાળ ક્ષેત્ર ખેડૂતોને વધુ ભાવ અપાવે છે એટલું જ નહીં, કોઈનીએ પ્રાઈવેટ મોનોપોલીને નિયંત્રણમાં રાખે છે. અંબાણી-અદાણીનીયે!

એક તર્ક કરાય છેઃ પ્રાઇવેટ સેક્ટરોની ખરીદીને સમાપ્ત કરી ખેતપેદાશની તમામ ચીજો સરકાર મેક્સિમમ મૂલ્ય આપીને ખરીદી લે. ધનકુબેરેય ન કરી શકે તેવું કામ કરવાનો પડકાર કરાયો છે, કારણ કે તેમણે સરકારને ભીંસમાં લેવી છે. છતાંય માનો કે સરકાર વરસોવરસ ઓછામાં ઓછા ત્રીસ ત્રીસ લાખ કરોડ ચૂકવીને બધો માલ ખરીદી લે, તો તે માલની શી દશા થાય, તે કહ્યું છે? આનાથી મોટું એકાધિકારવાદી મોનોપોલીનું બીજું કોઈ દૂષણ કલ્પી શકાય છે? સરકારી અમલદારોના ભ્રષ્ટાચારી તંત્રને કેમ ભૂલી જવાય છે? સરકારી તંત્રથી જેટલા આઘા, તેટલા સલામત છીએ. અણીના સમયે સંબંધિત નોકરો મહિનાની હડતાળ પર ઊતરી જાય તો તેનું કોણ શું બગાડી લેવાનું છે? કેન્દ્રિત બજારુ અર્થવ્યવસ્થામાં ઉછરેલાઓની સામે ગામડાંઓની વિકેન્દ્રિત સ્વાવલંબી અર્થવ્યવસ્થાની વાત મારે કેમ માંડવી? સરકારને ય તે સમજાતી નથી. દુનિયાભરના દેશોએ તેના પર આવવું પડવાનું!

નવા કાનૂન પ્રમાણે કોન્ટ્રેક્ટ ખેતીમાં વધુ લાભ દેખાય તો જ ખેડૂતોએ સ્વેચ્છાએ જોડાવાનું હોય છે. અને લાભ ન દેખાય તો થયેલા કોન્ટ્રાક્ટ રદ કરવાનો ખેડૂતોને અધિકાર છે. કોન્ટ્રાક્ટરે ખેત ઉત્પાદનના વધુ ભાવ મેળવ્યા હોય તો તેનો બે હિસ્સો ખેડૂતોએ નિશ્ચિત અવધિમાં ચૂકવી દેવો પડશે. જમીનના માલિકી હક્ક પરત્વે કોન્ટ્રાક્ટરની દખલઅંદાજી બંધ થાય છે. આ બધી કોન્ટ્રાક્ટરોને ગમતી વાત નથી. અને માર્કેટયાર્ડના દલાલોને ગમતી વાત નથી કે ખેડૂતોને પોતાનો માલ યાર્ડમાં જ વેચવા બાધ્ય થવું પડે! આ કાનૂનોએ દલાલો અને કોન્ટ્રાક્ટરોની ઊંઘ ઉડાડી દીધી છે. પણ તેણે કાનૂનોનો વિરોધ કરવા જગતાત-ખેડૂતોનું મહોરું પહેરવું પડી રહ્યું છે!

આવા કુતર્કોનો પાર નથી. કહેવાય છે, આવા કાનૂનોનો અધિકાર કેન્દ્રને નથી. આ રાજયોનું અધિકારક્ષેત્ર છે. પરંતુ રાજય પોતાની ફરજો ભૂલે તો તે પળાવવાની ફરજ કેન્દ્રની છે. કેન્દ્ર સરકાર આમાં બંધારણ વિરુદ્ધ નથી ચાલી.

બન્ને વચ્ચેના વિવાદ સમયે સ્થાનિક ન્યાય સમિતિની જોગવાઈ ખેડૂત તરફે ઢળે છે. તેમાંથી અતિ વિલંબી ન્યાયતંત્રના અન્યાયથી ખેડૂત બચી જાય છે. આવા બીજા વધુ કુતર્કોની ચર્ચા વાચકોને ત્રાસરૂપે ન બને તેથી અટકું છું. (માર્ચ ૨૦૨૧)

મુ.પો. માલપરા, વાયા ઢસા, જિ. બોટાદ-૩૬૪૭૩૦.

# વડોદરા, ચોથા શનિવારની સાંજે / અજય પાઠક

વડોદરા આપણી સંસ્કારી નગરી છે. અમે ભાવનગરવાસીઓ આ સંસ્કારનગરીને ભાવસિંહજી મહારાજના સમયથી પ્રશંસાભરી નજરે જોવાને ટેવાયેલાં છીએ. તેથી વડોદરામાં આકાર લેતી તેમ વિકસતી આવતી સંસ્કાર , સાહિત્ય વિષયક પ્રવૃત્તિઓની નોંધ લેવી ગમે જ ગમે. વળી અહીં જે પ્રવૃત્તિની વાત કરવી છે તેનાં નક્કર પરિણામો હાથવગાં થયાં છે. તેથી આખી વાતને 'સુવર્ણરેખ સમી પ્રવૃત્તિ અને પ્રાપ્તિ' શબ્દોથી વધાવીએ છીએ.

વાત છે 'ચોથા શનિવારની સાંજે….' શીર્ષકથી પ્રગટ થયેલ ચાર ગ્રન્થોની. ''સાહિત્યસૃષ્ટિ''ના વાર્તાલાપોના સંગ્રહો ગુજરાત પુસ્તકાલય મંડળ લિ.એ પ્રકાશિત કરેલ આ પુસ્તકોનું સંપાદન-સંયોજન સંભાળ્યું છે અવિનાશ મણિયારે. આ સહકારી સંસ્થા લગભગ ૯૬ વર્ષથી કાર્યરત છે. શતાબ્દી વર્ષ તરફ મીટ છે. મહામહોપાધ્યાય કે.કા. શાસ્ત્રીના સાંનિધ્યમાં યોજાયેલ ગુજરાત પુસ્તકાલયના હીરક મહોત્સવને યાદગાર બનાવવા ઉપક્રમ રચાયો હતો. સાહિત્ય ઉપરાંત જીવનોત્કર્ષના અન્ય વિષયોને પણ સાંભળવાની, વાંચવાની, વિચારવાની, વાતો કરવાની તક રહે એવા દૃષ્ટિકોણથી અનૌપચારિક શ્રોતામંડળની રચનાનો વિચાર સંસ્થાના તે વખતના અધ્યક્ષ અંબુભાઈ ડી. પટેલે રજૂ કર્યો હતો. તેમણે 'સાહિત્યસૃષ્ટિ' એવું નામ આપ્યું હતું. તેમણે એવી લાગણી વ્યક્ત કરી હતી કે વિભિન્ન વિષયો પર જાહેર વાર્તાલાપ યોજાતા રહે તે ઈચ્છનીય છે. તે મુજબ વાર્તાલાપો યોજાવા લાગ્યા. રસ ધરાવનાર સૌ કોઈને આવકાર. કશી ફી રાખવી કે સભ્યપદ નોંધવું વગેરે વહીવટથી સંપૂર્ણ મુક્ત એવી આ ગોષ્ઠી કાળક્રમે સરસ વિકસી. સાહિત્ય તથા જીવનલક્ષી વિષયોમાં રુચિ ધરાવનાર શ્રોતા-વક્તા સૌએ પ્રવૃત્તિને પોતીકી ગણી. નિયમિતતા સ્થાપિત થઈ. દર ચોથા શનિવારની સાંજે નિયમિત મળવાનું ગોઠવાયું ને સૌએ હોંશથી આવકાર્યું, ગુજરાત પુસ્તકાલય મંડળ સંસ્થા વસાહત, રાવપુરા, વડોદરા ખાતેનો વ્યાખ્યાન હૉલ સૌને અનુકૂળ આવતાં એક સ્થિર પ્રવૃત્તિનું કેન્દ્ર અહીં વિકસ્યું.

ઈ.સ. ૨૦૧૫માં આ વાર્તાલાપો પૈકી ૩૮ વાર્તાલાપોનું એક પુસ્તક થયું, ''ચોથા શનિવારની સાંજે…!'' સંપાદક અવિનાશ મણિયાર. પ્રવૃત્તિના આરંભથી ૨૦૧૫ સુધીમાં લગભગ ૨૦૦થી વધુ વાર્તાલાપો યોજાયા જેમાંથી કેટલાકનું ચયન કરીને પહેલા પુસ્તકમાં મૂકવામાં આવેલ છે. આ વાર્તાલાપોના વિષયોમાં સાહિત્ય ઉપરાંત અન્ય કલાઓ, ભારતીય શાસ્ત્રો, પત્રકારત્વ, પર્યાવરણ, પ્રેરણાદાયી ચરિત્રો, જ્યોતિષ, નાટક, સિનેમા, જીવનસાફલ્ય, પુસ્તકાલય, શિક્ષણ, કાનૂન વગેરે વિષયો આવરી લેવાયા છે.

એ નોંધવું જરૂર ગમે કે શ્રેણીનો પ્રથમ વાર્તાલાપ લેખક-પત્રકાર નવીનભાઈ ચૌહાણે આપ્યો હતો. ૧૦૧મો વાર્તાલાપ, મ.સ. યુનિવર્સિટીના તત્કાલીન કુલપતિ ડૉ. મનોજભાઈ સોનીએ આપ્યો હતો. ૧૫૦મો વાર્તાલાપ રાજ્યના પૂર્વ શિક્ષણ સચિવ કૂલીનચંદ્ર યાજ્ઞિકે આપેલો. ૨૦૦મો વાર્તાલાપ 'ગ્રંથગોષ્ઠી' સંસ્થાના સંયોજક શ્વેતા જોષીએ આપ્યો હતો. આમ વિષયવૈવિધ્ય તથા વક્તાઓની યાદી જોઈને હૈયું હરખાય તેવી ઘટના છે.

વડોદરા શહેરની વ્યક્તિપ્રતિભાઓ, તજ્જ્ઞો તથા વિવિધ ક્ષેત્રે કાર્યરત બૌદ્ધિકોનાં વક્તવ્યો નિયમિત રીતે યોજાતાં રહ્યાં, યોજાય છે. પ્રસંગોપાત સમગ્ર ગુજરાતમાંથી કોઈ પ્રતિભાનું વક્તવ્ય યોજાય છે. મુખ્યત્વે સિનિયર સિટિઝન્સનો શ્રોતાસમૂહ આ વક્તવ્યોને માણે છે. પ્રવૃત્તિ તરીકે વડોદરા શહેરની સાંસ્કૃતિક આબોહવાની પરિચાયક બની રહી છે. આ પ્રવૃત્તિનો પરિચય સમગ્ર ગુજરાતને મળી શકે તેવી ઘટના બની તે 'ચોથા શનિવારની સાંજે ભાગ-૧'નું ડિસેમ્બર, ૨૦૧૫માં થયેલું પુસ્તક પ્રકાશન. પ્રથમ મુખપૃષ્ઠ પર સભાખંડમાં શ્રવણમગ્ન શ્રોતા સમૂહની છબિ મૂકાઈ છે જ્યારે ચોથા મુખપૃષ્ઠ પર ૩૪ વક્તાઓના પાસપોર્ટ ફોટાને વ્યવસ્થિત રીતે ગોઠવીને મૂકવામાં આવ્યા છે. કુલ ૨૨૪ પૃષ્ઠ પૈકી ૨૨૦ પૃષ્ઠોમાં ૩૮ વક્તવ્યો મૂકાયાં છે. વક્તવ્યો યોજવાં, યોગ્ય વક્તાઓ મેળવવા, રસપ્રદ વિષયો પસંદ કરવા, રજૂઆત પામેલ વક્તવ્યના મુદ્રિત સ્વરૂપને મેળવીને, યોગ્ય ચયન કરીને પુસ્તક આકારે સમાજ પાસે પ્રસાદીરૂપમાં ધરવું; આ સૌ મહેનત તથા ચીવટ માગી લેનારું કામ છે. સંયોજક તેમ સંપાદકની ભૂમિકામાં કાર્યરત અવિનાશ મણિયાર આ મુદ્દે એક સન્નિષ્ઠ આયોજકની છાપ મૂકી જાય છે. હરિશ્ચંદ્ર જોશી તથા વિનોદ જોશીએ મહુવા ખાતે વાર્ષિક ધોરણે ''અસ્મિતા પર્વ'' તથા 'સંસ્કૃત પર્વ'નાં આયોજનો દ્વારા સમગ્ર દુનિયાનું ધ્યાન ખેંચ્યું. આવી પ્રવૃત્તિનું હાર્દ પ્રગટતું જોવા મળે તે તમામ આયોજનો ધ્યાનાર્હ ગણાય. તેથી ભાઈશ્રી અવિનાશ મણિયારના આ સાત્ત્વિક પુરુષાર્થને હું હૃદયપૂર્વક આવકારું છું.

વક્તાઓ પૈકી કેટલાંક નામોનો ઉલ્લેખ કરું. સિતાંશુ યશશ્ચંદ્ર, દેવદત્ત જોશી, ડૉ. ગુણવંત શાહ, સતીશ ડણાક, ડૉ. વિરંચી ત્રિવેદી, મોહન બારોટ, ડૉ. અંજનીબહેન મહેતા, રમેશ પટેલ 'પ્રેમોર્મિ', ખલીલ ધનતેજવી, પ્રવીણ દરજી, પ્રો. સુધાબહેન પંડ્યા, યજ્ઞેશ દવે, હરીશ વટાવવાળા વગેરે. આ સૌ જાણીતા સાહિત્યકારો છે. સાહિત્ય વિષયક તેમનાં વક્તવ્યો રસપ્રદ એવં માહિતીપૂર્ણ હોય તે સ્વાભાવિક છે. આપણે ત્યાં સાહિત્ય વિષયક વાર્તાલાપો ઘણાં શહેરોમાં તથા તાલુકાકક્ષાએ પ્રસંગોપાત યોજાતા રહેતા હોય છે. ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત સાહિત્ય અકાદમી, અન્ય નાની મોટી શિક્ષણ સંસ્થાઓ, સાહિત્યિક વર્તુળો તેમ સિનિયર સિટિઝન્સ મંડળો આવી પ્રવૃત્તિને સંકોરવાનું કાર્ય કરે છે. ક્યારેક પુસ્તકાલયોમાં પણ આવી પ્રવૃત્તિ આકાર લેતી હોય છે. શબ્દની જ્યોત ઝળહળતી રહે છે.

અહીં નોંધપાત્ર મુદ્દો એ છે કે સાહિત્ય ઉપરાંત જીવન વિષયક અન્ય ઉપયોગી એવં માહિતીપ્રદ વિષયો પર વાર્તાલાપો પ્રસ્તુત થતા રહ્યા છે. કેટલાક વિષયોનો ઉલ્લેખ કરુંઃ શૂન્યનું સર્જન, વૈદિક સંસ્કૃતિ, ન્યાયના મંદિરે, આજના સમયમાં ગ્રાહક સુરક્ષા, ખેલકૂદમાં ગુજરાતનું સ્થાન, કાર્યની કુશળતા-મનની એકાગ્રતા, સંબંધોનો સંસાર, પગ વગરના માટે પગ, વૃક્ષદેવતાના સાંનિધ્યમાં, વિશ્વાસનું વહાણ અને શ્રદ્ધાનું સુકાન, આંતરરાષ્ટ્રીય નાણાકીય વ્યવસ્થાઓની ખામી ભરેલી કાર્યપદ્ધતિ, ભારતીય સ્વરાજ દૃષ્ટિ, શાંતિની શોધમાં, વગેરે. એક જ પુસ્તકમાં વિવિધ વિષયોના જાણકારોના અભ્યાસપૂર્ણ તથા રસપ્રદ લેખો / વક્તવ્યો ઉપલબ્ધ બને છે. તે ઘટના ખરે જ નોંધપાત્ર છે. સુવર્ણરેખ સમી પ્રવૃત્તિની નગદ-નોંધ સમી પ્રાપ્તિ ગણાય. સમગ્ર ગુજરાત આથી લાભાન્વિત બને છે તેનો આનંદ છે. પ્રત્યેક પુસ્તકાલય કે શિક્ષણ સંસ્થામાં દર શનિવારે આ પુસ્તકમાંથી એક લેખનું પઠન કરવાનો ઉપક્રમ ગોઠવાય તો આ અનુકરણીય પ્રવૃત્તિનો સંદેશ સરસ રીતે ઝિલાયો ગણાય. સૂચનના રૂપમાં આ વાત એટલા માટે મૂકી કે આવાં આયોજનો કરવા માટે જે અનેક સુવિધાઓ જોઈએ તે મહદંશે દુર્લભ હોય છે.

આટલી વાત 'ચોથા શનિવારની સાંજે... ભાગ-૧' નિમિત્તે કર્યા પછી અત્યંત આનંદપૂર્વક જણાવવાનું કે આ શ્રેણી અંતર્ગત ૨૦૧૬-મે માસમાં ભાગ-૨નું પ્રકાશન થયું. તેમાં કુલ પૃષ્ઠ ૩૦૪ તથા કુલ વાર્તાલાપ -૫૨. ત્યારબાદ એપ્રિલ-૨૦૧૮માં વાત વિસ્તરતાં ભાગ-૩નું પ્રકાશન થયું. તેમાં કુલ પૃષ્ઠ-૧૯૨ અને વાર્તાલાપની સંખ્યા-૨૬ રહ્યાં પછીથી સપ્ટેમ્બર-૨૦૨૦માં 'ચોથા શનિવારની સાંજે... ભાગ-૪'નું પ્રકાશન થયું. તેમાં કુલ પૃષ્ઠ-૨૦૮ અને વક્તવ્યો ૨૪ છે. ભાગ-૪ના ૪થા મુખપૃષ્ઠ પર ડૉ. વિરંચી ત્રિવેદીના અભિપ્રાયને રજૂ કરતું અવતરણ મૂકવામાં આવ્યું છે તે અત્રે ટાંકું છું : 'ચોથા શનિવારની સાંજે'ને સમગ્રતઃ અવલોકતાં, અનેકવિધ પાસાંઓના ઉત્તમ સંકલનમાં જાણે આયનામાં આકાશને ઉતારતો હોય એવી પ્રતીતિ કરાવતો હોવાથી ગ્રંથવિશેષનું ગૌરવ પ્રાપ્ત કરે છે.

એક ઉલ્લેખ આનંદપૂર્વક કરું. ભાગ-૧માં ડૉ. દેવદત્ત જોશીનું વક્તવ્ય 'ગુજરાતમાં સમકાલીન-રામાયણ પરંપરા' પર વાંચવા મળે છે. ભાગ-૪માં ડૉ. શ્રુતિ ત્રિવેદીનું વક્તવ્ય 'સ્ત્રી-પુરુષ સંબંધો' પર વાંચવા મળે છે. ત્રણ દાયકા જેટલો સમય આ 'સાહિત્યસૃષ્ટિ'ના વાર્તાલાપ આયોજન પ્રવૃત્તિને થયો. એક જ પ્રવૃત્તિમાં પિતા-પુત્રીનું કાળક્રમે થયેલું યોગદાન ખાસ ધ્યાન ખેંચે છે. તમે ડૉ. શ્રુતિ ત્રિવેદી અને / અથવા ડૉ. દેવદત્ત જોષીને સાંભળ્યાં છે? મેં બંનેને ઈ.સ. ૧૯૭૭માં બિલિમોરા ખાતે સાંભળ્યાં છે. ત્યારે ટીનેજમાં પ્રવેશતી શ્રુતિ વક્તૃત્વકલામાં માહેર હતી. આજે આવા બોલ્ડ વિષયને ન્યાય આપી શકે છે. પ્રવૃત્તિને ધન્યવાદ.

## તમેય જુઓ છો ને...! / યોસેફ મેક્વાન

અચાનક નગરવચાળ
ભયકંર મચ્યો હાહાકાર...
બસમાં બેઠો જોઉં...બારી બહાર
સચિવાલયની બિલ્ડીંગોની લોબીમાંથી
બારીમાંથી
પણે વિધાનસભાની ગેલેરીઓમાંથી
વંટોળ જેમ ઘુમરાતા
ગુલાંટ ખાતા ઊછળતા
ગોળ ચકરાતા ઘુમરાતા
ટપોટપ ટપોટપ ચોમેરથી પડતા
નાના થતાં મોટા થતાં
હાંફતા વર્તુળાતા
ઉપર તળે ઉપર થતાં...ધસી રહ્યા..
શી રફતાર !
માંડ ઉકેલી શક્યો
સત્યમેવ જયતે !
રસ્તાની ધારે ધારે ચારે બાજુ હટ્ટ હટ્ટ છંકારે
પૂર ઝડપે પસાર...!
એ જોઈ આસપાસનાં વૃક્ષો
હસી હસી લોટપોટ થાય
રસ્તા પર જતી આવતી
મોટરકારોની ચળકતી સપાટી પર
' સત્યમેવ જયતે' નાં બિબં પ્રતિબિબં ચીરાય...સરી જાય સટ્ટ
રાહદારીઓની આંખો જાણે લખોટીઓ --
દેશ આખો જાણે લાક્ષાગહ
'સત્યમેવ જયતે' ના ધસારાનો ઘસારો
તણખો પાડી દેશે તો...?
પડે એની રાહ જોઉં છું ...તમેય ?
તમેય જુઓ છો ને રાહ...

## ભાઈ બુન / ભરત મહેતા

કહે છે કે કોરોના
ગંધ અને સ્વાદ વગરનાં કરી મેલે છે!

કહે છે કે કોરોના
નિશાળ કૉલેજ કારખાનાંને ખંડેર કરી મેલે છે!

કહે છે કે કોરોના
લેવા નથી દેતો શ્વાસ, કરાવે છે મોતનો ભાસ!

કહે છે કે કોરોના
ને પરવડતું નથી કોઈ કોઈને ભેટી ભેટીને કરે વ્હાલ!

કહે છે કે કોરાના
નામશેષ કરવા ફાંફાં મારી રહ્યાં છે સહુ કોઈ!

છતાં મારો રાષ્ટ્રવેપારી તાનાશાહ
ઝૂમી રહ્યો છે દીદી ઓ દીદી ગાતો ચૂંટણીઓની સભાઓમાં!
લાશો ભરી,સાયરન વગાડતી,ભાગતી,ઍમ્બ્યુલન્સને જોઈ
એ કરી દે છે કુંભમેળામાં શ્રાદ્ધનું સ્નાન!
તાળી થાળી ને ઘંટ વગાડતો મચી પડ્યો છે રામમંદિરમાં!

તાબડતોબ એક દંતકથા વહેતી થઈ છે
કહે છે કે કોરોના
ને તાનાશાહ માજણ્યાં ભાઈ બુન છે!

Reg.under RNI NO. GUJGUJ/2009/29656, Registered under Postal Registration No. GAMC-777/2021-2023 valid upto 31st December-2023 issued by the SSPO's Amdavad City Division, Permitted to Post at Amdavad PSO on 1st & 16th of every MonthPublish on 1st & 16th of every Month..

# સદ્‌ગત ધીરુ પરીખ

**૧૯૩૩થી ૨૦૨૧ : પૂરાં ૮૭-૮૮ વરસનું પૂર્ણાયુષ ભોગવી આપણા અપરંગી વિદ્યાવ્યાસંગી ધીરુ પરીખ ગયા. ચમકદમક અને તડક-ભડક વગર અધ્યાપન-લેખન-સંપાદન, નંદાદીપની ધૃતિપૂર્વક એમણે આજીવન કર્યાં.**

**તુલનાત્મક સાહિત્યમાં એમની ગતિ, વિશ્વસાહિત્યમાં એમનો પ્રવેશ. આમ તો, કવિ તરીકે સુપ્રતિષ્ઠ, કુમાર ચંદ્રકે પુરસ્કૃત અને 'કવિલોક'નું દાયિત્વ વહન કરનાર. પરંપરિત માત્રામેળ રચનાઓથી જાણીતા થવા લાગેલા એ સાચું, પણ એમનો પ્રવેશ વાર્તાસંગ્રહથી થયેલો એ તો હવે ઇતિહાસવસ્તુ છે. 'રાસયુગમાં પ્રકૃતિનિરુપણ' પર ડૉક્ટરેટ કરનાર ધીરુભાઈ તમને નિષ્કુળાનંદથી માંડી એલિયટની સૃષ્ટિ સુધી આંગળી ઝાલી ફેરવી શકે. ઠાવકા અલબત્ત, પણ અખાની ઢબે અકેકું અંગ લઈ છપ્પે ચડે ત્યારે તમને એમની સર્જકતા અને મિજાજનો એક જુદો જ પરિચય થઈ આવે.**

**'પરમેશ્વરને મારી પછી પથ્થર સ્થાપ્યો' જેવી, શું કહીશું-જ્વલંત? - પંક્તિ આપનાર ધીરુભાઈએ એમના સેવ્ય વિષયોને અનુષંગે પોતીકી તરેહની કર્મશીલતા પણ સતત દાખવી. ૧૯૯૦થી એમણે 'કુમાર'ના પુનર્જીવનનું કાર્ય ઉપાડ્યું (લગભગ એ જ અરસામાં આ લખનારને શિરે 'અખંડ આનંદ'ના દ્વિજ અવતારનું દાયિત્વ આવ્યું.) અને હા, ખાસ વાત. બચુભાઈ રાવતના અવતારકાર્ય સમી જે બુધસભા, એ સાહિત્ય પરિષદને સોંપાઈ તેનું દાયિત્વ એમણે પ્રતિબધ્ધપણે આજીવન સંભાળ્યું.**

**સચ્ચિદાનંદ સન્માન, રણજિતરામ સુવર્ણચંદ્રક બધું ખરું પણ આ ક્ષણે, મને લાગે છે, એમની છેલ્લી ઇનિંગ્ઝનો - એક અર્થમાં 'સેકન્ડ કમિંગ'નો મારે વિશેષોલ્લેખ કરવો જોઈએ. ૨૦૦૭માં નારાયણ દેસાઈની અધ્યક્ષતામાં ગુજરાતી સાહિત્ય પરિષદે ગાંધીનગર અધિવેશનમાં સ્વાયત્તતાનો પ્રસ્તાવ પારિત કર્યો ત્યારે હજુ આશાનું એક અંજીરપાંદ તો હતું; કેમ કે અકાદમી આગળ ચાલતાં ચુંટાયેલા પ્રમુખ હસ્તક કાર્યરત થશે એવી અપેક્ષા ઊભી હતી. પણ ૨૦૧૫ના એપ્રિલમાં સરકારે પેરેશુટ પ્રમુખનો રાહ લીધો અને બંધારણીય પ્રક્રિયાને સરેઆમ રૂખસદ આપી ત્યારે લગભગ કોઠે પડી ગયેલી એવી એક અનવસ્થા ગુજરાતના સાહિત્યપ્રતિષ્ઠાનમાં હતી. એની વચ્ચે, સ્વતંત્રપણે જોકે સ્વાયત્તતા માટેનો અવાજ નહોતો એમ નથી. પણ આ અવાજનું ૨૦૧૫ના એ નિર્ણાયક ગાળામાં પરિષદના અધ્યક્ષ તરીકે ધીરુભાઈએ પ્રગટ સમર્થન કર્યું એમાં એમનું જે વિત્ત પ્રગટ થયું તે લાંબો સમય યાદ રહેશે. આ વાનું જેમ ઇતિહાસદર્જ છે તેમ એમાં સાથેનાઓ અને પછીનાઓ માટે દાયિત્વબોધ પણ રહેલો છે.**

**અલવિદા ધીરુભાઈ !**

**પ્ર.ન.શા.**

# અને પારુલ ખખ્ખર

**સોશિયલ મીડિયા પર બરફના તોફાન પેઠે કે પછી જંગલના દવની જેમ કહો કે ચાલુ બીજગણિતને ઓળાંડીને વેગે વાઈરલ થયેલી પારુલ ખખ્ખર બાની વાંચી તમે?**

એક અવાજે મડદાં બોલ્યાં 'સબ કુછ ચંગા ચંગા'

રાજ, તમારા રામરાજ્યમાં શબવાહિની ગંગા.

**'તમારાં મસાણ ખૂટ્યાં' ને 'અમારા ડાઘુ ખૂટ્યા' એ ધાટીએ હાલની અનવસ્થા, એકંદર ગેરવહીવટ અને બેતમા તંત્ર (નેતૃત્વ) વિશે વાત કરતાં પારુલ છેલ્લી પંક્તિઓમાં એક રીતે પરાકાષ્ટાએ પહોંચે છે :**

રાજ, તમારાં દિવ્ય વસ્ત્ર ને દિવ્ય તમારી જ્યોતિ

રાજ, તમોને અસલી રૂપે આખી નગરી જોતી

હોય મરદ તે આવી બોલો 'રાજા મેરા નંગા'

રાજ, તમારા રામરાજ્યમાં શબવાહિની ગંગા.

**પારુલે 'હોય મરદ' એમ હાકલ કરી છે, પણ ઘણા બધા મરદોની મર્દાનગી આ ગાળામાં ટ્રૉલબહાદુર તરીકે પ્રગટ થતી માલૂમ પડી છે. ટ્રૉલટ્રૉલૈયાએ બોલાવેલી કથિત ધડબડાટી—'કથિત' એટલા માટે કે એમાં કોઈ ધારાધોરણના સવાલ અગરાજ છે— કદાચ, એ હકીકતની સાહેદીરૂપ છે કે પારુલની રચનામાં થયેલું અકેકું વિધાન વિગતસિધ્ધ છે, અને એનો હકીકતી પ્રતિવાદ શક્ય નથી.**

**અંગત રીતે , મને લાગે છે, પારુલે 'મરદ' પર ભાર મૂકવાપણું નહોતું. હાન્સ ક્રિશ્ચન એન્ડરસને આ જવાબદારી બાળકને ભળાવી હતી એમાં એક ઔચિત્ય હતું. યશોદાએ બાલકૃષ્ણના મુખમાં માટીનો લોંદો પકડવા કર્યું ત્યારે વિકાસિતે શિશુમુખે બ્રહ્માંડ દેખાયું હતું એવું જે ઋષિવિધાન તે એન્ડરસનની દેખીતી બાળવારતા (ખરું જોતાં પરીકથા) માંહે પ્રગટ થવા કરે છે.**

**સલિલ ત્રિપાઠીએ આ રચના અંગ્રેજીમાં ઉતારી તો પ્રહર વોરાએ કંઠમાં ! ભાઈ, સલિલ કે પ્રહર કે પ્રકાશ બધા જાણે છે કે અમે કોઈ ગટે નથી અને પારુલ કોઈ કાલિદાસ નથી કે શાકુન્તલ માથે મૂકીને નાચવાનું હોય. પણ ખેવના દેસાઈએ એડ્‌ગર એલન પોને ટાંકીને કહ્યું છે તે સૌ સમજી શકીએ તો પત્યું :**

**Words have no power to impress the mind without the exquisite horror of their reality.**

**It is was not for the horrific reality, those words wouldn't have created the stir.**

**પ્ર.ન.શા.**

**Publisher, Editor and Printer :** Prakash N. Shah on Behalf of Nireekshak Foundation. 'Prakash' Bunglow, Nr. Abhinandan Flats, B/h. Navarangpura Post Office, Navarangpura, Ahmedabad-380 009. Phone : 079-26562806 E-mail : prakash.nireekshak@gmail.com
**Printed at** Shardul Printing Press, B/6, Rambha Complex, Income Tax, Ashram Road, Ahmedabad-14. E-mail : shardulpress@gmail.com